અરબી-ગુજરાતી

# કુરઆને મજીદ

## પારા-૧૭

### - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

... Kitab Downloaded from ...
www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

hajinajitrust@gmail.com

# અનુક્રમણિકા


| નં. | સૂરાનું નામ | પેજ |
|---|---|---|
| ૨૧ | સૂર-એ-અંબિયા<br>(આયત ૧ થી ૧૧૨) | ૪ |
| ૨૨ | સૂર-એ-હજ<br>(આયત ૧ થી ૭૮) | ૬૪ |

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

اِقۡتَرَبَ لِلنَّاسِ حِسَابُهُمۡ وَهُمۡ فِىۡ غَفۡلَةٍ مُّعۡرِضُوۡنَ‌ ۚ‏ ①

(૧) (બધા) માણસો પાસે તેમના હિસાબનો (દિવસ) આવી લાગ્યો, છતાંય તેઓ હજી સુધી અજ્ઞાનતામાં (પડ્યા રહી) મોઢું ફેરવી રહ્યા છે.

مَا يَاۡتِيۡهِمۡ مِّنۡ ذِكۡرٍ مِّنۡ رَّبِّهِمۡ مُّحۡدَثٍ اِلَّا اسۡتَمَعُوۡهُ وَهُمۡ يَلۡعَبُوۡنَ ۙ‏ ②

(૨) તેમની પાસે તેમના પરવરદિગાર તરફથી કોઇ નવી નસીહત આવે છે તો તેઓ તે એવી બેદરકારીથી સાંભળે છે કે જાણે તેઓ રમતમાં હોય.

لَاهِيَةً قُلُوبُهُمْ ۗ وَأَسَرُّوا النَّجْوَى ۖ الَّذِينَ ظَلَمُوا ۖ هَلْ هَٰذَآ
إِلَّا بَشَرٌ مِّثْلُكُمْ ۖ أَفَتَأْتُونَ السِّحْرَ وَأَنتُمْ تُبْصِرُونَ ۝٣

(3) તેમના મન રમતગમતમાં મચેલાં છે, અને (અય રસૂલ !) જે ઝાલિમો છે તે (તારા સંબંધમાં) ગુસપુસ કરે છે (અને કહે છે) કે આ રસૂલ છેજ શું ? તમારાજ જેવો તો માણસ છે; ત્યારે શું તમે જાણી જોઇને જાદુ (ની વાત સાંભળવા) માટે આવો છો ?

قٰلَ رَبِّيۡ يَعۡلَمُ الۡقَوۡلَ فِي السَّمَآءِ وَالۡاَرۡضِ‌ۚ وَهُوَ السَّمِيۡعُ الۡعَلِيۡمُ ۝٤

(૪) (અય રસૂલ !) તું કહે કે મારો પરવરદિગાર આસમાન તથા પૃથ્વીમાં જે જે વાતો થાય છે તે જાણે છે, અને તે મોટો સાંભળનાર (તથા) જાણનારો છે.

بَلۡ قَالُوۡۤا اَضۡغَاثُ اَحۡلَامٍۢ بَلِ افۡتَرٰٮهُ بَلۡ هُوَ شَاعِرٌ ۖۚ فَلۡيَاۡتِنَا بِاٰيَةٍ كَمَاۤ اُرۡسِلَ الۡاَوَّلُوۡنَ ۝٥

(૫) બલ્કે તેઓ કહે છે કે આ (કુરઆન) ગૂંચવણ ભરેલાં સ્વપ્નાં છે; (એટલું જ નહિ) બલ્કે તે તેણે પોતાના મનથી જ ઘડી કાઢ્યું છે; બલ્કે તે એક

કવિ છે; (જો તેમ નથી તો) આગલા પયગમ્બરોની જેમ આ પણ એક મોઅજિઝો લઇ આવે.

مَآ اٰمَنَتۡ قَبۡلَهُمۡ مِّنۡ قَرۡيَةٍ اَهۡلَكۡنٰهَا ۚ اَفَهُمۡ يُؤۡمِنُوۡنَ۝٦

(૬) તેમની પહેલાં અમોએ જે વસ્તીનો નાશ કરી નાખ્યો તે (મોઅજિઝા જોયા છતાં) ઇમાન લાવી ન હતી; ત્યારે શું આ લોકો ઇમાન લાવશે ?

وَمَآ اَرۡسَلۡنَا قَبۡلَكَ اِلَّا رِجَالًا نُّوۡحِىۡۤ اِلَيۡهِمۡ فَسۡـَٔلُوۡۤا اَهۡلَ الذِّكۡرِ اِنۡ كُنۡتُمۡ لَا تَعۡلَمُوۡنَ۝٧

(૭) અને (અય રસૂલ !) અમોએ તારી પહેલાં પણ (રસૂલ તરીકે) માણસ જ મોકલ્યા હતા જેમના

ઉપર અમે વહી મોકલતા હતા, જો તમે જાણતા ન હો તો (અગાઉની) કિતાબવાળાઓને પૂછી જુઓ.

وَمَا جَعَلْنٰهُمْ جَسَدًا لَّا يَأْكُلُوْنَ الطَّعَامَ وَمَا كَانُوْا خٰلِدِيْنَ ⑧

(૮) અને અમોએ તેમના એવા શરીર બનાવ્યા ન હતા કે તેઓ ખાવાનું ખાતા ન હોય, અને ન તેઓ અમર રહેનારા હતા.

ثُمَّ صَدَقْنٰهُمُ الْوَعْدَ فَاَنْجَيْنٰهُمْ وَمَنْ نَّشَآءُ وَاَهْلَكْنَا الْمُسْرِفِيْنَ ⑨

(૯) પછી તેમને કરેલો વાયદો સાચો કરી દેખાડ્યો, પછી ખુદ તેમને અને જને જને અમોએ ચાહ્યું

બચાવી લીધા અને અત્યાચાર કરનારાઓનો અમોએ નાશ કર્યો.

لَقَدْ اَنْزَلْنَآ اِلَيْكُمْ كِتٰبًا فِيْهِ ذِكْرُكُمْ ۭ اَفَلَا تَعْقِلُوْنَ ⑩

(૧૦) (અય કુરૈશની કોમ !) ખરેખરજ અમોએ તમારી તરફ એક કિતાબ ઉતારી છે જેમાં તમારી ભલી યાદ છે; છતાં તમે સમજતા નથી ?

وَكَمْ قَصَمْنَا مِنْ قَرْيَةٍ كَانَتْ ظَالِمَةً وَّاَنْشَاْنَا بَعْدَهَا قَوْمًا اٰخَرِيْنَ ⑪

(૧૧) અને અમોએ કંઇ કેટલીયે વસ્તીઓ કે જે ઝુલમગાર હતી તેમનો નાશ કરી નાખ્યો છે, અને તેમના (નાશ કર્યા) બાદ બીજા લોકો પેદા કર્યા.

فَلَمَّآ اَحَسُّوْا بَأْسَنَآ اِذَا هُمْ مِّنْهَا يَرْكُضُوْنَ ﴿١٢﴾

(૧૨) પછી જ્યારે તેમણે પણ અમારો અઝાબનો એહસાસ કર્યો તો ત્યાંથી ઉતાવળા ઉતાવળા નાસવા લાગ્યા.

لَا تَرْكُضُوْا وَارْجِعُوْٓا اِلٰى مَآ اُتْرِفْتُمْ فِيْهِ وَمَسٰكِنِكُمْ لَعَلَّكُمْ تُسْـَٔلُوْنَ ﴿١٣﴾

(૧૩) (અમોએ તેમને કહ્યું) હવે ઝડપભેર નાસો નહિ, અને જે (સ્થાનો)માં તમે સુખ-ચેન ઉડાવતા હતા તે સ્થાન તરફ તથા તમારા મકાનો તરફ પાછા ફરો કે જેથી તમને પૂછપરછ કરવામાં આવે.

قَالُوْا يٰوَيْلَنَآ اِنَّا كُنَّا ظٰلِمِيْنَ ﴿١٤﴾

(૧૪) તેઓ બોલ્યા, હાય ખરાબી અમારી ! અમે તો નિસંશય ઝુલમગાર હતા.

فَمَا زَالَتْ تِّلْكَ دَعْوٰىهُمْ حَتّٰى جَعَلْنٰهُمْ حَصِيْدًا خٰمِدِيْنَ ﴿١٥﴾

(૧૫) સારાંશ કે તેઓ નિરંતર એમજ પોકારતા રહ્યા, અહીં સુધી કે અમોએ તેમનો (નાશ કરી) વાઢેલી ખેતીની જેમ ઢગલો બનાવી દીધો.

وَمَا خَلَقْنَا السَّمَآءَ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا لٰعِبِيْنَ ﴿١٦﴾

(૧૬) અને અમોએ આસમાન તથા પૃથ્વી અને તેમની વચ્ચે જે કાંઇ છે તે રમતગમત માટે પેદા કર્યું નથી.

لَوْ اَرَدْنَآ اَنْ نَّتَّخِذَ لَهْوًا لَّاتَّخَذْنٰهُ مِنْ لَّدُنَّآ ۖ اِنْ كُنَّا فٰعِلِيْنَ ﴿١٧﴾

(૧૭) અમે કોઇ રમતગમત જ બનાવવા ચાહતે તો અમારા તરફથી (અમને છાજતું) બનાવતે, જો અમારે કરવું જ હોત તો.

بَلْ نَقْذِفُ بِالْحَقِّ عَلَى الْبَاطِلِ فَيَدْمَغُهُ فَإِذَا هُوَ زَاهِقٌ ۚ وَلَكُمُ الْوَيْلُ مِمَّا تَصِفُونَ ⑱

(૧૮) બલ્કે અમે તો સત્યને અસત્ય ઉપર મારીએ છીએ કે જેથી તે (સત્ય) તે (અસત્ય)ને ભાંગી નાખે છે, જેથી તે અસત્ય નાબૂદ થઇ જાય છે; અને તમારા પર અફસોસ છે કે આવી (નિરર્થક) વાતો વર્ણવો છો.

وَلَهٗ مَنۡ فِى السَّمٰوٰتِ وَالۡاَرۡضِ‌ ؕ وَمَنۡ عِنۡدَهٗ لَا يَسۡتَكۡبِرُوۡنَ
عَنۡ عِبَادَتِهٖ وَلَا يَسۡتَحۡسِرُوۡنَ‌ۚ ﴿۱۹﴾

(૧૯) અને જેઓ આસમાન અને જમીનમાં છે તે તેનાજ છે; અને જેઓ તેની હજૂરમાં છે તેઓ, પણ ન તેની ઇબાદત કરવાથી અભિમાન કરે છે અને ન (ઇબાદત કરતાં) થાકી જાય છે.

يُسَبِّحُوۡنَ الَّيۡلَ وَالنَّهَارَ لَا يَفۡتُرُوۡنَ ﴿۲۰﴾

(૨૦) (બલ્કે) રાત દિવસ (તેની) પવિત્રતા વર્ણવ્યા કરે છે, (અને મુદ્દલ) આળસ કરતા નથી.

اَمِ اتَّخَذُوۡۤا اٰلِهَةً مِّنَ الۡاَرۡضِ هُمۡ يُنۡشِرُوۡنَ ﴿۲۱﴾

(૨૧) શું તેમણે પૃથ્વી (માંની વસ્તુઓ)માંથી એવા ખુદા પસંદ કરી લીધા છે કે જેઓ (મરણ પામેલાઓને) સજીવન કરી ઉઠાડે છે ?

لَوْ كَانَ فِيهِمَآ اٰلِهَةٌ اِلَّا اللّٰهُ لَفَسَدَتَا ۚ فَسُبْحٰنَ اللّٰهِ رَبِّ الْعَرْشِ عَمَّا يَصِفُوْنَ ﴿٢٢﴾

(૨૨) જો (આસમાનો તથા પૃથ્વીમાં) તે અલ્લાહના સિવાય કોઇ બીજા પણ ખુદાઓ હોત તો ખરેજ તે બન્નેમાં અંધાધુંધી ફેલાઇ ગઇ હોત; માટે તેઓ જે જે કાંઇ વર્ણવે છે તે સર્વે (વાતો)થી અર્શનો માલિક, અલ્લાહ પાક છે.

لَا يُسْـَٔلُ عَمَّا يَفْعَلُ وَهُمْ يُسْـَٔلُوْنَ ﴿٢٣﴾

(૨૩) જે કાંઇ તે (અલ્લાહ) કરે છે તેના સંબંધી તેનાથી પૂછપરછ કરી શકાતી નથી ને તેઓ જે કાંઇ કરે છે તેના સંબંધમાં તેમને જરૂર પૂછપરછ કરવામાં આવશે.

اَمِ اتَّخَذُوْا مِنْ دُوْنِهٖۤ اٰلِهَةً ؕ قُلْ هَاتُوْا بُرْهَانَكُمْ ۚ هٰذَا ذِكْرُ مَنْ مَّعِيَ وَذِكْرُ مَنْ قَبْلِيْ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ۙ الْحَقَّ فَهُمْ مُّعْرِضُوْنَ ﴿٢٤﴾

(૨૪) શું તેમણે તે (અલ્લાહ)ને મૂકી બીજા ખુદા બનાવી લીધા છે? (અય રસૂલ!) તું કહે કે તમે પોતપોતાની દલીલો રજૂ કરો; આ (કુરઆન) તેમના માટે નસીહત છે કે જેઓ મારી સાથે છે,

અને તેઓ માટે પણ નસીહત છે કે જેઓ મારી અગાઉના (લોકો) હતા. પરંતુ તેઓમાંના ઘણા ખરા લોકો સત્યને પારખતા નથી જેથી તેઓ (સત્યથી) મોઢું ફેરવતા રહે છે.

وَمَآ اَرۡسَلۡنَا مِنۡ قَبۡلِكَ مِنۡ رَّسُوۡلٍ اِلَّا نُوۡحِىۡۤ اِلَيۡهِ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّاۤ اَنَا فَاعۡبُدُوۡنِ۝۲۵

(૨૫) અને અમોએ તારી પહેલાં એક પણ રસૂલ મોકલ્યો નથી કે જેની તરફ અમે (એવી) વહી કરતા રહ્યા ન હોઇએ કે મારા સિવાય કોઇ માઅબૂદ નથી, માટે તમે મારીજ ઇબાદત કરતા રહો.

وَقَالُوا اتَّخَذَ الرَّحْمٰنُ وَلَدًا سُبْحٰنَهٗ ؕ بَلْ عِبَادٌ مُّكْرَمُوْنَ ﴿۲۶﴾

(૨૬) અને તેઓ કહે છે કે દયાળુ અલ્લાહે પોતાના માટે એક પુત્ર બનાવી લીધો છે; તેની જાત (આ આક્ષેપથી) પાક છે. બલ્કે તેઓ (કે જેમને તેઓ અલ્લાહના પુત્ર માને છે) તે (અલ્લાહ)ના માનવંત બંદા છે.

لَا يَسْبِقُوْنَهٗ بِالْقَوْلِ وَهُمْ بِاَمْرِهٖ يَعْمَلُوْنَ ﴿۲۷﴾

(૨૭) જેઓ કોઇ પણ વાત કહેવામાં તેનાથી પહેલ નથી કરતા, અને માત્ર તેનીજ આજ્ઞા પ્રમાણે અમલ કરતા રહે છે.

يَعۡلَمُ مَا بَيۡنَ اَيۡدِيۡهِمۡ وَمَا خَلۡفَهُمۡ وَلَا يَشۡفَعُوۡنَ ۙ اِلَّا لِمَنِ
ارۡتَضٰى وَهُمۡ مِّنۡ خَشۡيَتِهٖ مُشۡفِقُوۡنَ ﴿۲۸﴾

(૨૮) તેમના ભાવી તથા ભૂત(કાળની સઘળી)ની હકીકતને જાણે છે, અને તેઓ (કોઇની) ભલામણ કરતા નથી, સિવાય તેના કે જે તે (અલ્લાહ)ને પસંદ હોય અને તેઓ તેના ખોફથી ડરતા રહે છે.

وَمَنۡ يَّقُلۡ مِنۡهُمۡ اِنِّىۡۤ اِلٰهٌ مِّنۡ دُوۡنِهٖ فَذٰلِكَ نَجۡزِيۡهِ جَهَنَّمَ ؕ
كَذٰلِكَ نَجۡزِى الظّٰلِمِيۡنَ ﴿۲۹﴾

(૨૯) અને તેઓમાંથી જે કોઇ કહે કે હું પણ તેના સિવાય એક માઅબૂદ છું (તો બસ) એવાઓનો જ

બદલો અમે જહન્નમ નક્કી કરીશું; અમે ઝાલિમોને એવોજ બદલો આપતા રહીએ છીએ.

اَوَلَمۡ يَرَ الَّذِيۡنَ كَفَرُوۡۤا اَنَّ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ كَانَتَا رَتۡقًا فَفَتَقۡنٰهُمَا‌ ؕ وَجَعَلۡنَا مِنَ الۡمَآءِ كُلَّ شَىۡءٍ حَىٍّ‌ ؕ اَفَلَا يُؤۡمِنُوۡنَ‏ ﴿۳۰﴾

(30) જે લોકો નાસ્તિક છે શું તેમની સમજમાં આ નથી આવ્યું કે આસમાન તથા પૃથ્વી બન્ને બંધ હતાં, પછી તે બન્નેને અમોએ ઉઘાડી નાખ્યાં; અને દરેક વસ્તુને અમોએ પાણી વડે જીવતી બનાવી દીધી; તો પણ તેઓ ઇમાન નહિ લાવે?

وَجَعَلۡنَا فِي الۡاَرۡضِ رَوَاسِيَ اَنۡ تَمِيۡدَ بِهِمۡ ۖ وَجَعَلۡنَا فِيۡهَا فِجَاجًا سُبُلًا لَّعَلَّهُمۡ يَهۡتَدُوۡنَ ﴿٣١﴾

(૩૧) અને અમોએ પૃથ્વીમાં ભારે (વજનદાર) પહાડો કાયમ કરી દીધા છે કે જેથી ક્યાંય એમ ન થાય કે તે (પૃથ્વી) તેમને લઇ ધસી પડે; અને તેમાં તેમના માટે લાંબા પહોળા માર્ગ બનાવ્યા છે કે જેથી તેઓ ખરો માર્ગ મેળવી લે.

وَجَعَلۡنَا السَّمَآءَ سَقۡفًا مَّحۡفُوۡظًا ۖۚ وَّهُمۡ عَنۡ اٰيٰتِهَا مُعۡرِضُوۡنَ ﴿٣٢﴾

(૩૨) અને આકાશને અમોએ એક સુરક્ષિત છત્ર બનાવ્યું છે અને (તો પણ) તેઓ તે નિશાનીઓથી મોઢું ફેરવી લે છે.

وَهُوَالَّذِىۡ خَلَقَ الَّيۡلَ وَالنَّهَارَ وَالشَّمۡسَ وَالۡقَمَرَ ؕ كُلٌّ فِىۡ فَلَكٍ يَّسۡبَحُوۡنَ۝۳۳

(33) અને તે (અલ્લાહ) એજ તો છે જેણે રાત તથા દિવસ અને સૂરજ તથા ચંદ્રમાને સર્જ્યા છે; તેઓ (સર્વે) પોતપોતાના નિશ્ચિત વર્તુળમાં તર્યા કરે છે.

وَمَا جَعَلۡنَا لِبَشَرٍ مِّنۡ قَبۡلِكَ الۡخُلۡدَ ؕ اَفَاۡٮِٕنۡ مِّتَّ فَهُمُ الۡخٰلِدُوۡنَ۝۳۴

(૩૪) અને અમરપણું તો અમોએ તારી પહેલાં પણ કોઇ માણસ માટે નક્કી કર્યું ન હતું; ત્યારે (અય રસૂલ!) જો તું મરી જશે તો શું તેઓ હંમેશ (માટે જીવતા) રહેનાર છે ?

كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ ۗ وَنَبْلُوْكُمْ بِالشَّرِّ وَالْخَيْرِ فِتْنَةً ۗ

وَاِلَيْنَا تُرْجَعُوْنَ ۝٣٥

(૩૫) દરેક વ્યક્તિ મૃત્યુ (નો સ્વાદ) ચાખનાર છે; અને અમે અજમાયશ તરીકે નેકી તથા બદી વડે તમારી કસોટી કરીએ છીએ; અને અમારી તરફ જ તમારૂં પાછું ફરવું થશે.

وَاِذَا رَاٰكَ الَّذِيْنَ كَفَرُوْٓا اِنْ يَّتَّخِذُوْنَكَ اِلَّا هُزُوًا ؕ اَهٰذَا
الَّذِيْ يَذْكُرُ اٰلِهَتَكُمْ ۚ وَهُمْ بِذِكْرِ الرَّحْمٰنِ هُمْ كٰفِرُوْنَ ﴿٣٦﴾

(૩૬) અને જે વખતે તે લોકો કે જેઓ ઇમાન નથી લાવ્યા તને જુએ છે ત્યારે તેઓ માત્ર તારી ઠેકડી ઉડાડે છે; (અને કહે છે કે) શું તે શખ્સ આજ છે કે જે તમારા માઅબૂદોનું વર્ણન (બૂરાઇ સાથે) કરે છે? જો કે તેઓ પોતેજ દયાળુ અલ્લાહની યાદનો ઇન્કાર કરનારા છે (માટે તેમની જ મૂર્ખાઇ ઉપર હસવું જોઇએ).

خُلِقَ الْاِنْسَانُ مِنْ عَجَلٍ ؕ سَاُورِيْكُمْ اٰيٰتِيْ فَلَا تَسْتَعْجِلُوْنِ ﴿٣٧﴾

(૩૭) મનુષ્ય માત્ર (સ્વભાવે) ઉતાવળો પેદા કરવામાં આવ્યો છે; હું તમને નજીકમાં જ મારી નિશાનીઓ દેખાડીશ, માટે તમે મારી પાસે ઉતાવળની ઇચ્છા કરશો નહિ.

وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَا الْوَعْدُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ۝٣٨

(૩૮) અને તેઓ કહે છે કે જો તમે સાચા છો તો દેખાડી દો કે આ (કયામતનો) વાયદો આવશે ક્યારે?

لَوْ يَعْلَمُ الَّذِيْنَ كَفَرُوْا حِيْنَ لَا يَكُفُّوْنَ عَنْ وُّجُوْهِهِمُ النَّارَ

وَلَا عَنْ ظُهُوْرِهِمْ وَلَا هُمْ يُنْصَرُوْنَ ۝٣٩

(૩૯) કદાચને આ લોકો કે જેઓ ઇન્કાર કરનારા થઇ ગયા છે તેઓ તે વખત(ની સ્થિતિ)ને જાણી લેતે જ્યારે કે તેઓ (જહન્નમની) આગને ન પોતાના મોઢા તરફથી રોકી શકશે અને ન પોતાની પીઠ તરફથી, અને ન તેમની (કોઇ પ્રકારની) સહાય કરવામાં આવશે (તો કદી પણ ઉતાવળ કરતે નહિ).

بَلۡ تَأۡتِيۡهِمۡ بَغۡتَةً فَتَبۡهَتُهُمۡ فَلَا يَسۡتَطِيۡعُوۡنَ رَدَّهَا وَلَا هُمۡ يُنۡظَرُوۡنَ﴿۴۰﴾

(૪૦) બલ્કે તે (કયામત) તો તેમને ઓચિંતી આવી પકડશે, પછી તે તેમને મૂંઝવી નાખશે, જેથી તેઓ

ન તેને ટાળી શકશે અને ન તેમને મોહલત આપવામાં આવશે.

وَلَقَدِ اسْتُهْزِئَ بِرُسُلٍ مِّنْ قَبْلِكَ فَحَاقَ بِالَّذِيْنَ سَخِرُوْا مِنْهُمْ مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿٤١﴾

(૪૧) અને (અય રસૂલ!) ખરેખર જ તારી પહેલાના રસૂલોની પણ હાંસી ઉડાવવામાં આવી હતી, જેથી તેઓ જે અઝાબને હસી કાઢતા હતા તેણે જ તેમને આવી પકડયા.

قُلْ مَنْ يَّكْلَؤُكُمْ بِالَّيْلِ وَالنَّهَارِ مِنَ الرَّحْمٰنِ ؕ بَلْ هُمْ عَنْ ذِكْرِ رَبِّهِمْ مُّعْرِضُوْنَ ﴿٤٢﴾

(૪૨) તું કહે કે રાતમાં કે દિવસમાં દયાળુ (અલ્લાહ)ના અઝાબથી તમારૂં કોણ રક્ષણ કરે છે? પણ તેઓ તો તેમના પરવરદિગારની યાદથી પણ મોઢું ફેરવી લેનારા થઇ ગયા છે.

اَمۡ لَهُمۡ اٰلِهَةٌ تَمۡنَعُهُمۡ مِّنۡ دُوۡنِنَا ؕ لَا يَسۡتَطِيۡعُوۡنَ نَصۡرَ اَنۡفُسِهِمۡ وَلَا هُمۡ مِّنَّا يُصۡحَبُوۡنَ ۝٤٣

(૪૩) શું અમારા સિવાય તેમના કોઇ (બીજા પણ) ખુદા છે જે તેમને અમારા (અઝાબ)થી બચાવે ? (તેઓ શું બચાવશે,) પોતાની જાતની તો મદદ કરી શકતા નથી, અને ન અમારી આગળ તેમનો કોઇ સાથી થનાર છે.

بَلْ مَتَّعْنَا هٰٓؤُلَآءِ وَاٰبَآءَهُمْ حَتّٰى طَالَ عَلَيْهِمُ الْعُمُرُ ؕ اَفَلَا
يَرَوْنَ اَنَّا نَاْتِى الْاَرْضَ نَنْقُصُهَا مِنْ اَطْرَافِهَا ؕ اَفَهُمُ
الْغٰلِبُوْنَ﴿۴۴﴾

(૪૪) બલ્કે અમોએ તેમને તથા તેમના બાપદાદાઓને સુખનો ઉપભોગ કરવા દીધો, અહીં સુધી કે તેમની જિંદગી (સુખમાં) લંબાઇ; શું તેઓ આ નથી જોતા કે પૃથ્વીને અમે તેની આજુબાજુથી સતત ઓછી કરતા ચાલ્યા જઇએ છીએ? શું તો પણ તેઓજ પ્રબળ છે ?

قُلْ اِنَّمَآ اُنْذِرُكُمْ بِالْوَحْيِ ۖ وَلَا يَسْمَعُ الصُّمُّ الدُّعَآءَ اِذَا مَا
يُنْذَرُوْنَ﴿۴۵﴾

(૪૫) (અય રસૂલ !) તું કહે કે સિવાય તેના નથી કે હું તમને (મને જે) વહી (થાય છે તેજ) પ્રમાણે ડરાવતો રહું છું; અને બહેરાઓને જ્યારે ડરાવવા માટે પોકારવામાં આવે છે ત્યારે તેઓ તે પોકારને સાંભળતા નથી.

وَلَئِنْ مَّسَّتْهُمْ نَفْحَةٌ مِّنْ عَذَابِ رَبِّكَ لَيَقُوْلُنَّ يٰوَيْلَنَآ اِنَّا كُنَّا ظٰلِمِيْنَ ﴿٤٦﴾

(૪૬) અને જો તેમને તારા પરવરદિગારના અઝાબની હવા માત્ર અડકી જાય તો તેઓ અવશ્ય આ કહેવા માંડશે કે અફસોસ ! ખરેજ અમે ઝુલમગાર હતા.

وَنَضَعُ الْمَوَازِيْنَ الْقِسْطَ لِيَوْمِ الْقِيٰمَةِ فَلَا تُظْلَمُ نَفْسٌ
شَيْـًٔا ؕ وَاِنْ كَانَ مِثْقَالَ حَبَّةٍ مِّنْ خَرْدَلٍ اَتَيْنَا بِهَا ؕ وَ كَفٰى
بِنَا حٰسِبِيْنَ﴿۴۷﴾

(૪૭) અને અમે કયામતના દિવસે ન્યાયના ત્રાજવાં કાયમ કરીશું, જેથી કોઇ વ્યક્તિ પર જરા જેટલોય ઝુલ્મ કરવામાં નહિ આવે; અને જો રાઇના દાણા જેટલા વજનનો (પણ કોઇ અમલ) હશે તો તે પણ અમે લાવી હાજર કરીશું; અને હિસાબ લેવા માટે અમે પૂરતા છીએ.

وَلَقَدْ اٰتَيْنَا مُوْسٰى وَهٰرُوْنَ الْفُرْقَانَ وَضِيَآءً وَّذِكْرًا
لِّلْمُتَّقِيْنَ ﴿۴۸﴾

(૪૮) અને ખરેજ અમોએ મૂસા તથા હારૂનને ફુરકાન (સત્ય અસત્ય પારખવાની કિતાબ તવરેત) અર્પણ કરી હતી જે પરહેઝગારો માટે પ્રકાશ તથા બોધ હતી.

الَّذِيْنَ يَخْشَوْنَ رَبَّهُمْ بِالْغَيْبِ وَهُمْ مِّنَ السَّاعَةِ مُشْفِقُوْنَ ﴿٤٩﴾

(૪૯) કે જેઓ વગર જોએ પોતાના પરવરદિગારથી ડરતા રહે છે અને કયામતના દિવસથી ભયભીત રહે છે.

وَهٰذَا ذِكْرٌ مُّبٰرَكٌ اَنْزَلْنٰهُ ؕ اَفَاَنْتُمْ لَهٗ مُنْكِرُوْنَ ﴿٥٠﴾

(૫૦) અને આ (કુરઆન) બરકતવાળી નસીહત છે જે અમોએ ઉતારી છે; તે છતાં શું તમે તેનો ઇન્કાર કરનારા છો?

وَلَقَدۡ اٰتَيۡنَاۤ اِبۡرٰهِيۡمَ رُشۡدَهٗ مِنۡ قَبۡلُ وَكُنَّا بِهٖ عٰلِمِيۡنَ ۚ﴿۵۱﴾

(૫૧) અને ખરેજ અમોએ ઇબ્રાહીમને શરૂઆતથી જ પોતાનો સન્માર્ગ (પારખી લેવા)ની બુદ્ધિ અર્પણ કરી હતી, અને અમે તે(ની લાયકાત)થી સંપૂર્ણ વાકેફ હતા.

اِذۡ قَالَ لِاَبِيۡهِ وَقَوۡمِهٖ مَا هٰذِهِ التَّمَاثِيۡلُ الَّتِىۡۤ اَنۡتُمۡ لَهَا عٰكِفُوۡنَ ﴿۵۲﴾

(૫૨) (તે સમયને યાદ કરો) જ્યારે કે તેણે પોતાના બાપ (એટલે કાકા આઝર)ને તથા પોતાની કોમને કહ્યું કે આ મૂર્તિઓ શી વસ્તુઓ છે કે જેની બંદગીમાં તમે રચ્યા પચ્યા રહ્યા છો ?

قَالُوْا وَجَدْنَآ اٰبَآءَنَا لَهَا عٰبِدِيْنَ ﴿٥٣﴾

(૫૩) તેમણે કહ્યું કે અમોએ અમારા બાપદાદાઓને તેમની પૂજા કરતા જોયા હતા.

قَالَ لَقَدْ كُنْتُمْ اَنْتُمْ وَاٰبَآؤُكُمْ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٥٤﴾

(૫૪) ફરમાવ્યું, ખરેજ તમે અને તમારા બાપદાદા પણ ખુલ્લી ગુમરાહીમાં છો.

قَالُوْٓا اَجِئْتَنَا بِالْحَقِّ اَمْ اَنْتَ مِنَ اللّٰعِبِيْنَ ﴿٥٥﴾

(૫૫) તેમણે કહ્યું, તું કોઇ હક વાત લાવ્યો છે કે અમસ્થીજ દિલ્લગી કરનારાઓ માંનો છે ?

قَالَ بَلْ رَّبُّكُمْ رَبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ الَّذِىْ فَطَرَهُنَّ ۖ وَاَنَا عَلٰى ذٰلِكُمْ مِّنَ الشّٰهِدِيْنَ ﴿٥٦﴾

(૫૬) ફરમાવ્યું, હા, તમારો પરવરદિગાર એજ આસમાનો તથા પૃથ્વીનો પરવરદિગાર છે, જે તે (સર્વે)ને અસ્તિત્વમાં લાવ્યો છે; અને હું એ વાત પર સાક્ષી આપનારાઓ માંનો છું.

وَتَاللّٰهِ لَاَ كِيْدَنَّ اَصْنَامَكُمْ بَعْدَ اَنْ تُوَلُّوْا مُدْبِرِيْنَ ﴿٥٧﴾

(૫૭) અને (પછી મનમાં જ કહ્યું) અલ્લાહની કસમ ! જ્યારે તમે પીઠ ફેરવીને ચાલ્યા જશો

ત્યારે હું તમારી આ મૂર્તિઓ સાથે (કોઇને કોઇ) ચાલબાજી જરૂર ચાલીશ.

فَجَعَلَهُمْ جُذٰذًا اِلَّا كَبِيْرًا لَّهُمْ لَعَلَّهُمْ اِلَيْهِ يَرْجِعُوْنَ ﴿٥٨﴾

(૫૮) પછી તેમના વડા સિવાય બીજા બધાના કટકે કટકા કરી નાખ્યા કે જેથી તેઓ (મોટી મૂર્તિને સલામત જોઇ) તેની તરફ પાછા આવે.

قَالُوْا مَنْ فَعَلَ هٰذَا بِاٰلِهَتِنَآ اِنَّهٗ لَمِنَ الظّٰلِمِيْنَ ﴿٥٩﴾

(૫૯) (અને જ્યારે તેઓ પાછા આવ્યા ત્યારે) બોલ્યા, અમારા માઅબૂદોની જેણે આવી દશા કરી છે તે ખરેખરજ ઝુલમગારો માંનો છે.

قَالُوْا سَمِعْنَا فَتًى يَّذْكُرُهُمْ يُقَالُ لَهٗٓ اِبْرٰهِيْمُ ﴿٦٠﴾

(૬૦) (તેઓમાંથી કેટલાકોએ) કહ્યું, અમોએ તો એક નવયુવાનને કે જે ઇબ્રાહીમના નામે પ્રખ્યાત છે તેને (આપણા દેવતાઓનું બૂરાઇની સાથે) યાદ કરતાં સાંભળ્યો હતો.

قَالُوْا فَأْتُوْا بِهٖ عَلٰٓى اَعْيُنِ النَّاسِ لَعَلَّهُمْ يَشْهَدُوْنَ ﴿٦١﴾

(૬૧) (આથી) તેઓ કહેવા લાગ્યા કે (અગર) એમજ છે તો તેને લોકો સામે હાજર કરો કે જેથી તેઓ સાક્ષી રહે.

قَالُوْٓا ءَاَنْتَ فَعَلْتَ هٰذَا بِاٰلِهَتِنَا يٰٓاِبْرٰهِيْمُ ﴿٦٢﴾

(૬૨) (પછી જ્યારે ઇબ્રાહીમને હાજર કરવામાં આવ્યો ત્યારે આ લોકો) બોલ્યા કે અય ઇબ્રાહીમ ! શું તેંજ અમારા દેવતાઓની આવી દશા કરી છે ?

قَالَ بَلْ فَعَلَهٗ ۖ كَبِيْرُهُمْ هٰذَا فَسْـَٔلُوْهُمْ اِنْ كَانُوْا

يَنْطِقُوْنَ ۝٦٣

(૬૩) ફરમાવ્યું, બલ્કે (કદાચને) તેઓમાંથી આ જે સૌથી મોટો છે તેણેજ આવું કર્યું હશે, માટે જો તે બોલતા હોય તો તેમને જ પૂછી જુઓ.

فَرَجَعُوْٓا اِلٰٓى اَنْفُسِهِمْ فَقَالُوْٓا اِنَّكُمْ اَنْتُمُ الظّٰلِمُوْنَ ۝٦٤

(૬૪) ત્યારે તેમણે પોતાના મનમાં વિચાર્યું અને પરસ્પર કહેવા લાગ્યા કે ઝાલિમ તો તમે પોતે જ છોઃ

ثُمَّ نُكِسُوْا عَلٰى رُءُوْسِهِمْ ۚ لَقَدْ عَلِمْتَ مَا هٰٓؤُلَاۗءِ

يَنْطِقُوْنَ ۝٦٥

(૬૫) પછી તેમના માથા (ક્ષોભના કારણે) જૂકી ગયા (અને કહેવા લાગ્યા કે) આ તો તું ખાત્રીપૂર્વક જાણે જ છે કે તે (મૂર્તિ)ઓ બોલતી નથી.

قَالَ اَفَتَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ مَا لَا يَنۡفَعُكُمۡ شَيۡـًٔا وَّلَا يَضُرُّكُمۡ ؕ﴿۶۶﴾

(૬૬) ફરમાવ્યું, તે છતાં શું તમે અલ્લાહને છોડી એવાઓને પૂજો છો કે જેઓ તમને ન કાંઇ ફાયદો પહોંચાડે છે ન કાંઇ નુકસાન પહોંચાડે છે ?

اُفٍّ لَّكُمۡ وَلِمَا تَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ ؕ اَفَلَا تَعۡقِلُوۡنَ ﴿۶۷﴾

(૬૭) ધિક્કાર છે તમારા પર તથા તેમના પર કે જેને તમે અલ્લાહના સિવાય પૂજો છો; શું તમે (એટલું પણ) સમજતા નથી ?

قَالُوْا حَرِّقُوْهُ وَانْصُرُوْٓا اٰلِهَتَكُمْ اِنْ كُنْتُمْ فٰعِلِيْنَ ﴿٦٨﴾

(૬૮) (આથી નાસ્તિકો વધુ ક્રોધે ભરાયા અને) કહેવા લાગ્યા કે જો તમારે કંઇ કરવું હોય તો તેને બાળી નાખો અને તમારા દેવતાઓની સહાય કરો.

قُلْنَا يٰنَارُ كُوْنِيْ بَرْدًا وَّسَلٰمًا عَلٰٓى اِبْرٰهِيْمَ ﴿٦٩﴾

(૬૯) (સારાંશ કે જ્યારે ઇબ્રાહીમને ભડભડતી આગમાં નાખવામાં આવ્યા ત્યારે) અમોએ કહ્યું કે અય આગ! તું ઇબ્રાહીમ પર ઠંડી અને સલામતિ આપનારી થઇ જા;

وَاَرَادُوۡا بِهٖ كَيۡدًا فَجَعَلۡنٰهُمُ الۡاَخۡسَرِيۡنَ‌ۚ ۝٧٠

(૭૦) અને તેમણે ઇબ્રાહીમ સાથે ચાલ ચાલવાનો ઇરાદો કર્યો પણ અમોએ તેમનેજ સૌથી વધારે હાનિ ભોગવનારા બનાવી દીધા.

وَنَجَّيۡنٰهُ وَلُوۡطًا اِلَى الۡاَرۡضِ الَّتِىۡ بٰرَكۡنَا فِيۡهَا لِلۡعٰلَمِيۡنَ‏ ۝٧١

(૭૧) અને અમોએ તે (ઇબ્રાહીમ)ને તથા લૂતને (ઝાલિમોના ઝુલ્મોથી) બચાવી લઇને એક એવી ભૂમિ (બયતુલ મુકદ્દસ) પર પહોંચાડી દીધા કે જેને અમોએ સઘળી દુનિયાવાળાઓ માટે બરકતવાળી બનાવી હતી.

وَوَهَبۡنَا لَهٗۤ اِسۡحٰقَ ؕ وَيَعۡقُوۡبَ نَافِلَةً‌ ؕ وَكُلًّا جَعَلۡنَا صٰلِحِيۡنَ‏ ۝٧٢

(૭૨) અને અમોએ તે (ઇબ્રાહીમ)ને (પુત્ર) ઇસ્હાક તથા (પૌત્ર) યાકૂબ અર્પણ કર્યા; અને તે સર્વેને અમોએ સદાચારી બનાવ્યા.

وَجَعَلْنٰهُمْ اَىِٕمَّةً يَّهْدُوْنَ بِاَمْرِنَا وَاَوْحَيْنَآ اِلَيْهِمْ فِعْلَ الْخَيْرٰتِ
وَاِقَامَ الصَّلٰوةِ وَاِيْتَآءَ الزَّكٰوةِ ۚ وَكَانُوْا لَنَا عٰبِدِيْنَ ۙ﴿٧٣﴾

(૭૩) અને અમોએ તેમને એવા ઇમામ (રાહબર) બનાવ્યા કે જેઓ અમારી આજ્ઞા પ્રમાણે (લોકોને) હિદાયત કરતા હતા, અને અમોએ તેમને નેકીઓ કરવાની તથા નમાઝ પઢવાની તથા ઝકાત આપવાની આજ્ઞા આપી હતી, અને તેઓ સઘળા માત્ર અમારી જ બંદગી કરનારા હતા.

وَلُوۡطًا اٰتَيۡنٰهُ حُكۡمًا وَّعِلۡمًا وَّنَجَّيۡنٰهُ مِنَ الۡقَرۡيَةِ الَّتِىۡ كَانَتۡ
تَّعۡمَلُ الۡخَبٰٓـئِثَ ؕ اِنَّهُمۡ كَانُوۡا قَوۡمَ سَوۡءٍ فٰسِقِيۡنَ ۙ‏ ﴿۷۴﴾

(૭૪) અને લૂતને અમોએ ચુકાદાની શક્તિ તથા જ્ઞાન આપ્યાં હતાં, અને તેને તે વસ્તીથી છુટકારો આપ્યો કે જે બદ કામ કરતી હતી; બેશક તેઓ બદકાર (અને) નાફરમાન લોકો હતા.

وَاَدۡخَلۡنٰهُ فِىۡ رَحۡمَتِنَا ‌ؕ اِنَّهٗ مِنَ الصّٰلِحِيۡنَ ﴿۷۵﴾

(૭૫) અને અમોએ તે (લૂત)ને અમારી કૃપા (ભરી છાયા)માં લઇ લીધો; ખરેજ તે સદાચારી લોકોમાંથી હતો.

وَنُوۡحًا اِذۡ نَادٰى مِنۡ قَبۡلُ فَاسۡتَجَبۡنَا لَهٗ فَنَجَّيۡنٰهُ وَاَهۡلَهٗ مِنَ
الۡكَرۡبِ الۡعَظِيۡمِ‌ۚ‏ ﴿۷۶﴾

(૭૬) અને (તે સમયને યાદ કર) જ્યારે નૂહે પણ તે અગાઉ અમને પોકાર્યાં હતા ત્યારે અમોએ તેની દુઆ કબૂલ કરી લીધી હતી, પછી તેને તથા તેના કુટુંબને સખ્ત મુસીબતમાંથી મુક્તિ આપી હતી.

وَنَصَرۡنٰهُ مِنَ الۡقَوۡمِ الَّذِيۡنَ كَذَّبُوۡا بِاٰيٰتِنَا‌ ؕ اِنَّهُمۡ كَانُوۡا قَوۡمَ
سَوۡءٍ فَاَغۡرَقۡنٰهُمۡ اَجۡمَعِيۡنَ‏ ﴿۷۷﴾

(૭૭) અને તે લોકોના મુકાબલામાં કે જેમણે અમારી આયતો જૂઠલાવી અમોએ તેની મદદ કરી

હતી; બેશક તે બદકાર લોકો હતા, જેથી અમોએ તે સર્વેને ડુબાડી દીધા.

وَدَاوٗدَ وَسُلَيۡمٰنَ اِذۡ يَحۡكُمٰنِ فِى الۡحَـرۡثِ اِذۡ نَفَشَتۡ فِيۡهِ غَنَمُ الۡقَوۡمِ‌ ۚ وَكُنَّا لِحُكۡمِهِمۡ شٰهِدِيۡنَ ۞

(૭૮) અને (તે સમયને યાદ કર) જ્યારે દાવૂદ તથા સુલયમાન તે ખેતીના સંબંધમાં નિર્ણય બાંધી રહ્યા હતા કે જેમાં (રાત્રિના સમયે) બકરીઓનું એક ટોળું ચરી ગયું હતું, અને અમે તેમના ચુકાદાના સાક્ષી હતા.

فَفَهَّمۡنٰهَا سُلَيۡمٰنَ‌ ۚ وَكُلًّا اٰتَيۡنَا حُكۡمًا وَّعِلۡمًا‌ ۖ وَّسَخَّرۡنَا مَعَ دَاوٗدَ الۡجِبَالَ يُسَبِّحۡنَ وَالطَّيۡرَ‌ ؕ وَكُنَّا فٰعِلِيۡنَ ۞

(૭૯) પછી અમોએ સુલયમાનને તે (ચુકાદો) સમજાવી દીધો, અને (એવા) ચુકાદાની શક્તિ તથા જ્ઞાન તો અમોએ દરેક (દરેક રસૂલ)ને આપ્યાં હતાં; અને અમોએ પર્વતોને દાવૂદને આધિન કરી દીધા હતા કે જે તેની સાથે (સાથે અલ્લાહની) તસ્બીહ કર્યા કરતા હતા અને એવીજ રીતે પક્ષીઓ પણ; અને આ બાબતોને બનાવનારા અમેજ તો હતા.

وَعَلَّمْنٰهُ صَنْعَةَ لَبُوْسٍ لَّكُمْ لِتُحْصِنَكُمْ مِّنْۢ بَاْسِكُمْ ۚ فَهَلْ اَنْتُمْ شٰكِرُوْنَ ۝٨٠

(૮૦) અને અમોએ તે (દાવૂદ)ને તમારા માટે બખ્તર (બનાવવા)નો હુન્નર શીખવ્યો હતો કે જે

તમને યુદ્ધમાં (શસ્ત્રોના ઘાથી) સુરક્ષિત રાખે, તે છતાં શું તમે હજી પણ (અમારો) આભાર નહિ માનો?

وَلِسُلَيْمٰنَ الرِّيْحَ عَاصِفَةً تَجْرِىْ بِاَمْرِهٖۤ اِلَى الْاَرْضِ الَّتِىْ بٰرَكْنَا فِيْهَا ؕ وَكُنَّا بِكُلِّ شَىْءٍ عٰلِمِيْنَ ﴿۸۱﴾

(૮૧) અને અમોએ સખત (ફૂંકાતા) વાયુને સુલયમાનને આધિન કરી દીધો હતો કે જે તેને તેના હુકમ મુજબ તે ભૂમિ (બયતુલ મુકદ્દસ) સુધી ફૂંકાતો લઇ જતો હતો કે જે અમોએ બરકતવાળી બનાવી હતી અને (ખરેખરજ) અમે દરેક વસ્તુના જાણનારા છીએ.

وَمِنَ الشَّيٰطِيۡنِ مَنۡ يَّغُوۡصُوۡنَ لَهٗ وَيَعۡمَلُوۡنَ عَمَلًا دُوۡنَ ذٰلِكَۚ

وَ كُنَّا لَهُمۡ حٰفِظِيۡنَۙ‏ ﴿۸۲﴾

(૮૨) અને શેતાનોમાંથી કેટલાકો (તેને આધિન કરી દીધા હતા તે માંના કેટલાક) તેના માટે (મોતી કાઢવાને સમુદ્રમાં) ડુબકીઓ મારતા હતા, અને તદઉપરાંત બીજા પણ (ઘણાં) કાર્યો કરતા હતા, અને અમેજ તે સર્વેના નિગેહબાન હતા.

وَاَيُّوۡبَ اِذۡ نَادٰى رَبَّهٗۤ اَنِّىۡ مَسَّنِىَ الضُّرُّ وَاَنۡتَ اَرۡحَمُ

الرّٰحِمِيۡنَۖۚ‏ ﴿۸۳﴾

(૮૩) અને (અય રસૂલ !) ઐયુબ (નો કિસ્સો યાદ કર કે) જે વખતે તેણે પોતાના પરવરદિગારને

પોકાર્યો કે નિસંશય મને હાનિ પહોંચી ચૂકી છે, અને તું સર્વે દયા કરનારાઓ કરતાં ઉત્તમ દયા કરનાર છે.

فَاسْتَجَبْنَا لَهٗ فَكَشَفْنَا مَا بِهٖ مِنْ ضُرٍّ وَّاٰتَيْنٰهُ اَهْلَهٗ وَمِثْلَهُمْ
مَّعَهُمْ رَحْمَةً مِّنْ عِنْدِنَا وَذِكْرٰى لِلْعٰبِدِيْنَ ﴿٨٤﴾

(૮૪) તો અમોએ તેની દુઆ કબૂલ કરી લીધી અને તેને જે દુઃખ હતું તે દૂર કરી દીધું, અને અમારા તરફથી કૃપા તરીકે અને એ હેતુ માટે કે ઇબાદત કરનારાઓ માટે એક યાદગીરી રહે, તેના બાલબચ્ચાં (કે જે સઘળાં મરી ચૂક્યાં હતાં) પાછા અર્પણ કર્યાં, અને (તદુપરાંત) એટલાજ બીજા પણ આપ્યાં.

وَاِسۡمٰعِيۡلَ وَاِدۡرِيۡسَ وَذَا الۡكِفۡلِ ؕ كُلٌّ مِّنَ الصّٰبِرِيۡنَ ۚ﴿۸۵﴾

(૮૫) અને ઇસ્માઇલ તથા ઇદ્રીસ તથા ઝુલકિફલ (ની હકીકત યાદ કરો); તેઓ સર્વે સબ્ર કરનારાઓ માંના હતા.

وَاَدۡخَلۡنٰهُمۡ فِىۡ رَحۡمَتِنَا ؕ اِنَّهُمۡ مِّنَ الصّٰلِحِيۡنَ ﴿۸۶﴾

(૮૬) અને તેમને અમોએ અમારી રહેમતમાં દાખલ કરી લીધા હતા; નિસંશય તેઓ સદાચારીઓમાંથી હતા.

وَذَا النُّوۡنِ اِذۡ ذَّهَبَ مُغَاضِبًا فَظَنَّ اَنۡ لَّنۡ نَّقۡدِرَ عَلَيۡهِ فَنَادٰى فِى الظُّلُمٰتِ اَنۡ لَّاۤ اِلٰهَ اِلَّاۤ اَنۡتَ سُبۡحٰنَكَ ۖ اِنِّىۡ كُنۡتُ مِنَ الظّٰلِمِيۡنَ ۚ﴿۸۷﴾

(૮૭) અને ઝન્નુન (યુનુસ) કે જ્યારે તે ક્રોધે ભરાઇ ચાલ્યો ગયો હતો અને તેણે ધારી લીધું હતું કે અમે તેના પર રોઝી તંગ કરનાર નથી, પછી તે (માછલીના પેટના) અંધકારમાં પોકારવા લાગ્યો કે (અય મારા પરવરદિગાર !) તારા સિવાય કોઇ માઅબૂદ નથી, તું પાક છે; અને નિસંશય ઝુલમગારો માંનો તો હુંજ છું.

فَاسْتَجَبْنَا لَهٗ ۙ وَنَجَّيْنٰهُ مِنَ الْغَمِّ ؕ وَكَذٰلِكَ نُـْجِى الْمُؤْمِنِيْنَ ﴿۸۸﴾

(૮૮) આથી અમોએ તેની દોઆ કબૂલ કરી લીધી, અને તેને તે મુસીબતમાંથી છુટકારો આપ્યો; અને

અમે મોઅમીનોને એવીજ રીતે છુટકારો આપ્યા કરીએ છીએ.

وَزَكَرِيَّآ اِذْ نَادٰى رَبَّهٗ رَبِّ لَا تَذَرْنِىْ فَرْدًا وَّاَنْتَ خَيْرُ الْوٰرِثِيْنَ ﴿٨٩﴾ صلے

(૮૯) અને ઝકરીયાએ જે વખતે (નિરાશ સ્થિતિમાં) પોતાના પરવરદિગારને પોકાર્યો કે અય મારા પરવરદિગાર! મને એકલો (અટુલો વારસ વિનાનો) રાખીશ નહિ, જો કે તું જ સૌથી બેહતર વારસ છે.

فَاسْتَجَبْنَا لَهٗ ۫ وَوَهَبْنَا لَهٗ يَحْيٰى وَاَصْلَحْنَا لَهٗ زَوْجَهٗ ؕ اِنَّهُمْ
كَانُوْا يُسٰرِعُوْنَ فِى الْخَيْرٰتِ وَيَدْعُوْنَنَا رَغَبًا وَّرَهَبًا ؕ وَكَانُوْا
لَنَا خٰشِعِيْنَ۝۹۰

(૯૦) આથી અમોએ તેની દોઆ કબૂલ કરી લીધી, અને તેને યાહ્યા (જેવો સદાચારી પુત્ર) આપ્યો, અને તેની પત્નીને ગર્ભ ધારણ કરવાને પાત્ર બનાવી દીધી; બેશક આ સર્વે નેક કાર્યોની હરીફાઇમાં ઉતાવળ કર્યા કરતા હતા અને આશા તથા ભય સાથે અમારી પાસે દુઆ માંગ્યા કરતા હતા; અને અમારી પાસે આજીજી કરતા હતા.

وَالَّتِيٓ اَحۡصَنَتۡ فَرۡجَهَا فَنَفَخۡنَا فِيۡهَا مِنۡ رُّوۡحِنَا وَجَعَلۡنٰهَا وَابۡنَهَاۤ اٰيَةً لِّلۡعٰلَمِيۡنَ ﴿۹۱﴾

(૯૧) અને તે સ્ત્રી (મરયમ) જેણીએ પોતાના શિયળનું રક્ષણ કર્યું હતું, પછી અમોએ તે (ના પેટ)માં અમારી રૂહમાંથી ફૂંક્યું અને અમોએ તેણીને તથા તેણીના પુત્ર (ઇસા)ને સઘળા દુનિયાવાળાઓ માટે (અમારી કુદરતના) ચમત્કાર બનાવ્યા હતા.

اِنَّ هٰذِهٖۤ اُمَّتُكُمۡ اُمَّةً وَّاحِدَةً ‌ۖ وَّاَنَا رَبُّكُمۡ فَاعۡبُدُوۡنِ ﴿۹۲﴾

(૯૨) નિસંશય આ ઇસ્લામ જ તમારો ધર્મ છે જે એકજ ખરો ધર્મ છે; અને હું તમારો પરવરદિગાર છું માટે મારી જ ઇબાદત કરો.

وَتَقَطَّعُوٓا اَمۡرَهُمۡ بَيۡنَهُمۡ ؕ كُلٌّ اِلَيۡنَا رٰجِعُوۡنَ ﴿۹۳﴾

(૯૩) અને તેમણે (અસલ ધર્મમાં) મતભેદ પાડી પોતાના મામલા ને અંદરો અંદર (આપસમાં) કટકે કટકા કરી નાખ્યા છે; (પણ કોઇ પરવાહ નથી) સઘળા અમારી પાસેજ પાછા આવનારા છે.

فَمَنۡ يَّعۡمَلۡ مِنَ الصّٰلِحٰتِ وَهُوَ مُؤۡمِنٌ فَلَا كُفۡرَانَ لِسَعۡيِهٖ ۚ وَاِنَّا لَهٗ كٰتِبُوۡنَ ﴿۹۴﴾

(૯૪) પછી જે કોઇ મોઅમીન હોવાની હાલતમાં નેકીઓ કરશે તેના પ્રયત્નોની નાકદ્રી કરવામાં નહિ આવે, એને બેશક અમે તેના માટે તે (નેકીઓ) લખતા જઇએ છીએ.

وَحَرٰمٌ عَلٰى قَرْيَةٍ اَهْلَكْنٰهَآ اَنَّهُمْ لَا يَرْجِعُوْنَ﴿٩٥﴾

(૯૫) અને જે વસ્તીનો અમે નાશ કરી ચૂક્યા તેમના માટે (આ જગતમાં) પાછા આવવાનું હરામ કર્યું છે.

حَتّٰٓى اِذَا فُتِحَتْ يَاْجُوْجُ وَمَاْجُوْجُ وَهُمْ مِّنْ كُلِّ حَدَبٍ يَّنْسِلُوْنَ﴿٩٦﴾

(૯૬) અહીં સુધી કે જ્યારે યાજુજ તથા માજુજ છુટા મૂકી દેવામાં આવશે અને તેઓ દરેક ઊંચાણમાંથી ફેલાતા ચાલ્યા આવશે.

وَاقْتَرَبَ الْوَعْدُ الْحَقُّ فَاِذَا هِىَ شَاخِصَةٌ اَبْصَارُ الَّذِيْنَ كَفَرُوْا ؕ يٰوَيْلَنَا قَدْ كُنَّا فِىْ غَفْلَةٍ مِّنْ هٰذَا بَلْ كُنَّا ظٰلِمِيْنَ﴿٩٧﴾

(૯૭) અને જ્યારે તે સાચો વાયદો પાસે આવી લાગશે ત્યારે તે લોકો કે જેઓ ઇન્કાર કરનારા થઇ ગયા હતા તેમની આંખો (ત્રાસથી) ફાટીને ફાટીજ રહેશે; (અને તેઓ કહેશે કે) હાય અફસોસ ! અમે તો ખરેજ આ (કયામતના દિવસ)ના સંબંધમાં અજ્ઞાનતામાં જ હતા; એટલું જ નહિ, બલ્કે અમે ઝુલ્મગાર હતા.

اِنَّكُمۡ وَمَا تَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ حَصَبُ جَهَنَّمَ ؕ اَنۡتُمۡ لَهَا وٰرِدُوۡنَ ﴿۹۸﴾

(૯૮) (કહેવામાં આવશે) નિસંશય તમે તથા તેઓ કે જેમની અલ્લાહના સિવાય તમે ઇબાદત કરતા

હતા જહન્નમનું બળતણ બનશો; (અને) તમારે તેમાં ઉતરવું જ પડશે.

لَوۡ كَانَ هٰٓؤُلَآءِ اٰلِهَةً مَّا وَرَدُوۡهَا ؕ وَكُلٌّ فِيۡهَا خٰلِدُوۡنَ ﴿۹۹﴾

(૯૯) જો તેઓ (સાચા) ખુદા હોત તો તે (જહન્નમમાં) ઉતરતે નહિ; અને તેઓ માંનો દરેક હંમેશ (માટે) જહન્નમમાં રહેનારો છે.

لَهُمۡ فِيۡهَا زَفِيۡرٌ وَّهُمۡ فِيۡهَا لَا يَسۡمَعُوۡنَ ﴿۱۰۰﴾

(૧૦૦) તેમાં તેમના માટે હાય વોય કરવાનું રહેશે અને તેમાં તેઓ કાંઇ પણ સાંભળી શકશે નહિ.

اِنَّ الَّذِيۡنَ سَبَقَتۡ لَهُمۡ مِّنَّا الۡحُسۡنٰٓى ۙ اُولٰٓـئِكَ عَنۡهَا مُبۡعَدُوۡنَ ۙ ﴿۱۰۱﴾

(૧૦૧) નિસંશય તે લોકો કે જેમના હકમાં અમારા તરફથી પ્રથમથી જ ભલાઇ નિર્માણ થઇ ચૂકી છે તેમને તેનાથી દૂર રાખવામાં આવશે;

لَا يَسۡمَعُوۡنَ حَسِيۡسَهَا‌ ۚ وَهُمۡ فِىۡ مَا اشۡتَهَتۡ اَنۡفُسُهُمۡ خٰلِدُوۡنَ‌ۚ﴿۱۰۲﴾

(૧૦૨) તે (જહન્નમ)નો જરાય અવાજ તેઓ નહિ સાંભળે, અને જે જે વસ્તુઓ માટે તેમનું મન ચાહશે નિરંતર તેમાંજ રહેશે.

لَا يَحۡزُنُهُمُ الۡفَزَعُ الۡاَكۡبَرُ وَتَتَلَقّٰٮهُمُ الۡمَلٰٓٮِٕكَةُ ؕ هٰذَا يَوۡمُكُمُ الَّذِىۡ كُنۡتُمۡ تُوۡعَدُوۡنَ﴿۱۰۳﴾

(૧૦૩) (કયામતની) મોટામાં મોટી ધાસ્તી પણ તેમને દિલગીર નહિ કરે, અને ફરિશ્તા તેમની મુલાકાત લેતા રહેશે; (અને કહેશે કે) જે દિવસનો તમારાથી વાયદો કરવામાં આવ્યો હતો તે આજ છે.

يَوْمَ نَطْوِى السَّمَآءَ كَطَيِّ السِّجِلِّ لِلْكُتُبِ ؕ كَمَا بَدَاْنَآ اَوَّلَ خَلْقٍ نُّعِيْدُهٗ ؕ وَعْدًا عَلَيْنَا ؕ اِنَّا كُنَّا فٰعِلِيْنَ ﴿۱۰۴﴾

(૧૦૪) તે દિવસ કે જે દિવસે અમે આસમાનને એવી રીતે વીટી લઇશું જેવી રીતે કે લખવાના કાગળોનું બંડલ વાળવામાં આવે છે, પછી જેવી રીતે સૃષ્ટિને અમોએ પ્રથમ વાર સર્જી હતી તેવી જ રીતે તેને પલટાવી દઇશું; આ વાયદો પૂરો

કરવાને અમે બંધાએલા છીએ; (અને) નિસંશય અમે તેમ કરી દેખાડીશું.

وَلَقَدۡ كَتَبۡنَا فِي الزَّبُوۡرِ مِنۡۢ بَعۡدِ الذِّكۡرِ اَنَّ الۡاَرۡضَ يَرِثُهَا عِبَادِیَ الصّٰلِحُوۡنَ ﴿۱۰۵﴾

(૧૦૫) અને ખરેખરજ અમોએ ઝબૂરમાં નસીહત (કર્યા) બાદ આ લખી લીધું હતું કે મારા નેક બંદાઓ જ તે (પૃથ્વી)ના વારસ બનશે.

اِنَّ فِيۡ هٰذَا لَبَلٰغًا لِّقَوۡمٍ عٰبِدِيۡنَ ﴿۱۰۶﴾

(૧૦૬) બેશક ખુદાપરસ્ત લોકો માટે એમાંજ (શુભ) સંદેશો છે.

وَمَاۤ اَرۡسَلۡنٰكَ اِلَّا رَحۡمَةً لِّلۡعٰلَمِيۡنَ ﴿۱۰۷﴾

(૧૦૭) અને (અય રસૂલ!) અમોએ તમને સઘળી દુનિયાવાળાઓ માટે રહેમત બનાવી મોકલ્યા છે.

قُلۡ اِنَّمَا يُوۡحٰۤى اِلَىَّ اَنَّمَاۤ اِلٰهُكُمۡ اِلٰهٌ وَّاحِدٌ ۚ فَهَلۡ اَنۡتُمۡ مُّسۡلِمُوۡنَ ﴿١٠٨﴾

(૧૦૮) તું કહે કે મારા પર ફક્ત એજ વહી કરવામાં આવી છે કે તમારો માઅબૂદ એકજ માઅબૂદ છે, તો શું તમે હવે આધીન થાઓ છો ?

فَاِنۡ تَوَلَّوۡا فَقُلۡ اٰذَنۡتُكُمۡ عَلٰى سَوَآءٍ ‌ؕ وَاِنۡ اَدۡرِىۡۤ اَقَرِيۡبٌ اَمۡ بَعِيۡدٌ مَّا تُوۡعَدُوۡنَ ﴿١٠٩﴾

(૧૦૯) આ છતાં જો તેઓ મોઢું ફેરવી જાય તો તું કહે કે મેં તો તમો (સઘળાઓ)ને એક સરખી

ચેતવણી આપી છે; અને હું આ નથી જાણતો કે જે વસ્તુનો તમને વાયદો કરવામાં આવ્યો છે તે પાસે છે કે દૂર.

إِنَّهُۥ يَعۡلَمُ ٱلۡجَهۡرَ مِنَ ٱلۡقَوۡلِ وَيَعۡلَمُ مَا تَكۡتُمُونَ ١١٠

(૧૧૦) બેશક તે મોટા સાદે થતી વાતને જાણે છે અને જે કાંઇ તમે સંતાડો છો તેને પણ જાણે છે.

وَإِنۡ أَدۡرِي لَعَلَّهُۥ فِتۡنَةٞ لَّكُمۡ وَمَتَٰعٌ إِلَىٰ حِينٖ ١١١

(૧૧૧) અને હું આ નથી જાણતો કે કદાચ તે (અઝાબનો વિલંબ) તમારા માટે અજમાયશ હોય અને થોડાક વધુ દિવસનો લાભ પહોંચાડવો હોય.

قُلَ رَبِّ احۡكُمۡ بِالۡحَقِّ ؕ وَرَبُّنَا الرَّحۡمٰنُ الۡمُسۡتَعَانُ عَلٰى مَا
تَصِفُوۡنَ۠ ﴿١١٢﴾

(૧૧૨) (છેવટે રસૂલે) અરજ કરી કે અય મારા પરવરદિગાર ! (મારા અને નાસ્તિકોના વચ્ચે) તું સત્યતાપૂર્વક નિર્ણય કરી દે, અને અમારો પરવરદિગાર જ તે દયાળુ (અલ્લાહ) છે કે જેનાથી મદદ માંગવામાં આવે છે આ સઘળી વાતો વિરૂદ્ધ કે જે તમે વર્ણવો છો.

## سورة الحج / સૂરએ હજ

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

يٰۤاَيُّهَا النَّاسُ اتَّقُوۡا رَبَّكُمۡ‌ ۚ اِنَّ زَلۡزَلَةَ السَّاعَةِ شَىۡءٌ
عَظِيۡمٌ ①

(૧) અય લોકો ! તમે તમારા પરવરદિગારથી ડરો; નિસંશય કયામતનો (ભૂ)કંપ ઘણીજ મોટી વસ્તુ છે.

يَوْمَ تَرَوْنَهَا تَذْهَلُ كُلُّ مُرْضِعَةٍ عَمَّآ اَرْضَعَتْ وَتَضَعُ كُلُّ
ذَاتِ حَمْلٍ حَمْلَهَا وَتَرَى النَّاسَ سُكٰرٰى وَمَا هُمْ بِسُكٰرٰى
وَلٰكِنَّ عَذَابَ اللّٰهِ شَدِيْدٌ ۝٢

(૨) જે દિવસે તમે તે (કયામત)ને નિહાળશો ત્યારે દરેક દૂધ (પાનારી માતા પોતાના દૂધ) પીનાર (બાળક)ને તજી દેશે અને દરેક ગર્ભવંતી પોતાના ગર્ભ (ભયથી) નાખી દેશે અને (અય રસૂલ !) તું લોકોને નશામાં ચકચૂર જોશે, જોકે તેઓ નશામાં (ખરી રીતે મસ્ત) નહિ હોય, બલ્કે અલ્લાહનો અઝાબજ (એવો) સખ્ત હશે.

وَمِنَ النَّاسِ مَنۡ يُّجَادِلُ فِى اللّٰهِ بِغَيۡرِ عِلۡمٍ وَّيَتَّبِعُ كُلَّ شَيۡطٰنٍ مَّرِيۡدٍۙ‏ ﴿۳﴾

(3) અને લોકોમાંથી કોઇ કોઇ એવો પણ છે કે જે જ્ઞાન વિના અલ્લાહના સંબંધમાં વાદવિવાદ કરે છે, અને તે દરેક ઉદ્ધત શેતાનની તાબેદારી કરે છે.

كُتِبَ عَلَيۡهِ اَنَّهٗ مَنۡ تَوَلَّاهُ فَاَنَّهٗ يُضِلُّهٗ وَيَهۡدِيۡهِ اِلٰى عَذَابِ السَّعِيۡرِ‏ ﴿۴﴾

(૪) તે (શેતાન)ના માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે કે જે પણ તેની સાથે પ્રીતિ ધરાવશે તેને તે જરૂર જ બહેકાવશે, અને તેને ધગધગતી આગના અઝાબ તરફ લઇ જશે.

يٰۤاَيُّهَا النَّاسُ اِنۡ كُنۡتُمۡ فِىۡ رَيۡبٍ مِّنَ الۡبَعۡثِ فَاِنَّا خَلَقۡنٰكُمۡ
مِّنۡ تُرَابٍ ثُمَّ مِنۡ نُّطۡفَةٍ ثُمَّ مِنۡ عَلَقَةٍ ثُمَّ مِنۡ مُّضۡغَةٍ مُّخَلَّقَةٍ
وَّغَيۡرِ مُخَلَّقَةٍ لِّنُبَيِّنَ لَـكُمۡ ؕ وَنُقِرُّ فِى الۡاَرۡحَامِ مَا نَشَآءُ اِلٰٓى
اَجَلٍ مُّسَمًّى ثُمَّ نُخۡرِجُكُمۡ طِفۡلًا ثُمَّ لِتَبۡلُغُوۡۤا اَشُدَّكُمۡ ۚ
وَمِنۡكُمۡ مَّنۡ يُّتَوَفّٰى وَمِنۡكُمۡ مَّنۡ يُّرَدُّ اِلٰٓى اَرۡذَلِ الۡعُمُرِ لِكَيۡلَا
يَعۡلَمَ مِنۡۢ بَعۡدِ عِلۡمٍ شَيۡـئًا ؕ وَتَرَى الۡاَرۡضَ هَامِدَةً فَاِذَاۤ
اَنۡزَلۡنَا عَلَيۡهَا الۡمَآءَ اهۡتَزَّتۡ وَرَبَتۡ وَاَنۡۢبَتَتۡ مِنۡ كُلِّ
زَوۡجٍۢ بَهِيۡجٍ ﴿۵﴾

(૫) અય લોકો ! જો તમે પાછા ઉઠાડવાના સંબંધી શંકામાં હો તો (જાણી લો કે પ્રથમ) અમોએ તમને

માટીમાંથી પેદા કર્યા, પછી વીર્યમાંથી, પછી ઠરી ગયેલા લોહીમાંથી, પછી માંસના લોથડામાંથી (જે કાં તો) સંપૂર્ણ સર્જન થઇ ગયો, કાં તો અપૂર્ણ રહી ખોડખાંપણ વાળો રહ્યો કે જેથી તમારા માટે (અમારી રચના) સ્પષ્ટ કરી દેખાડીએ, અને અમે જેને ચાહીએ તેને એક નિશ્ચિત મુદ્દત સુધી ગર્ભાશયમાં સ્થિર રહેવા દઇએ છીએ, પછી તમને બાળક બનાવી કાઢીએ છીએ, (પછી તમારૂં પાલન પોષણ કરીએ છીએ) કે જેથી તમે તમારી સંપૂર્ણ શક્તિએ પહોંચો; અને તમારામાંથી કોઇ તો તરૂણ અવસ્થામાં જ) મરણ પામે છે. અને તમારામાંથી કોઇ ઘરડો થઇ જાય છે કે જાણ્યા પછી અજાણ

બની જાય; અને તું આ ભૂમિને શુષ્ક જુએ છે, પછી જ્યારે તેના પર પાણી ઉતારીએ છીએ ત્યારે તે ખીલી ઉઠે છે, અને તેમાંથી જાત જાતની સુંદર વનસ્પતિ ઉગી નીકળે છે.

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ هُوَالْحَقُّ وَاَنَّهٗ يُحْيِ الْمَوْتٰى وَاَنَّهٗ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۙ﴿٦﴾

(૬) આ વર્ણનનો હેતુ એ છે કે (તમને ખાત્રી થાય કે) અલ્લાહ એજ બરહક છે, અને એજ મરણ પામેલાઓને સજીવન કરી દે છે, અને એજ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

وَّاَنَّ السَّاعَةَ اٰتِيَةٌ لَّا رَيۡبَ فِيۡهَا ۙ وَاَنَّ اللّٰهَ يَبۡعَثُ مَنۡ فِى
الۡقُبُوۡرِ ۞٧

(૭) અને કયામત(ની ઘડી) અવશ્ય આવનારી છે, તેમાં કોઇ જાતની શંકા નથી; અને અલ્લાહ તે સઘળાઓને કે જેઓ કબરોમાં છે ઉઠાડી ઊભા કરશે.

وَمِنَ النَّاسِ مَنۡ يُّجَادِلُ فِى اللّٰهِ بِغَيۡرِ عِلۡمٍ وَّلَا هُدًى وَّلَا
كِتٰبٍ مُّنِيۡرٍ ۙ ۞٨

(૮) અને માણસોમાંથી કોઇ એવો છે જે અલ્લાહના સંબંધમાં ઝઘડ્યા કરે છે, જો કે ન તેને (તેના વિષે

કાંઇ) જ્ઞાન છે અને ન તેને હિદાયત મળેલી છે, અને ન તેની પાસે કોઇ રોશન કિતાબ છે.

ثَانِيَ عِطْفِهٖ لِيُضِلَّ عَنْ سَبِيْلِ اللّٰهِ ۭ لَهٗ فِي الدُّنْيَا خِزْيٌ وَّنُذِيْقُهٗ يَوْمَ الْقِيٰمَةِ عَذَابَ الْحَرِيْقِ ۝۹

(૯) તે અભિમાનથી પોતાના ખભા ઊંચા ચઢાવે છે જેનો ઉદ્દેશ આ છે કે જેથી (લોકોને) રાહે અલ્લાહથી બહેકાવે; તેના માટે દુનિયામાં ફજેતી છે, અને કયામતના દિવસે અમે તેને (જહન્નમની આગમાં) બળવાના અઝાબની મજા ચખાડીશું.

ذٰلِكَ بِمَا قَدَّمَتْ يَدٰكَ وَاَنَّ اللّٰهَ لَيْسَ بِظَلَّامٍ لِّلْعَبِيْدِ ۝۱۰ۧ

(૧૦) (અને કહીશું કે) આ તેનો બદલો છે જે અગાઉ તારા હાથોએ મોકલ્યું છે, અને અલ્લાહ પોતાના બંદાઓના હકમાં હરગિજ ઝુલમગાર નથી.

وَمِنَ النَّاسِ مَنۡ يَّعۡبُدُ اللّٰهَ عَلٰى حَرۡفٍ‌ ۚ فَاِنۡ اَصَابَهٗ خَيۡرُ ۨاطۡمَاَنَّ بِهٖ‌ ۚ وَاِنۡ اَصَابَتۡهُ فِتۡنَةُ ۨانْقَلَبَ عَلٰى وَجۡهِهٖ ۚ خَسِرَ الدُّنۡيَا وَالۡاٰخِرَةَ‌ ؕ ذٰلِكَ هُوَ الۡخُسۡرَانُ الۡمُبِيۡنُ ﴿۱۱﴾

(૧૧) અને લોકોમાંથી કોઇ એવો પણ છે જે (દીનના) કાંઠે રહી (ઉપલકીયા મનથી) અલ્લાહની ઇબાદત કરે છે, પછી જો તેને કાંઇ ભલાઇ પહોંચી જાય છે ત્યારે તે તેનાથી સંતોષ પામે છે, અને જો

તેના પર કોઇ મુસીબત આવી પડે છે તો મોઢું ફેરવી પાછો (નાસ્તિકપણા તરફ) ફરી જાય છે, તે આલોક તથા પરલોક બન્ને ગુમાવી બેસે છે; એજ તો ખુલ્લી હાનિ છે.

يَدۡعُوۡا مِنۡ دُوۡنِ اللّٰهِ مَا لَا يَضُرُّهٗ وَمَا لَا يَنۡفَعُهٗ‌ؕ ذٰلِكَ هُوَ الضَّلٰلُ الۡبَعِيۡدُ ۚ‏ ﴿۱۲﴾

(૧૨) તે અલ્લાહને છોડી તે વસ્તુઓને પોકારે છે જે ન તેને હાનિ પહોંચાડે છે અને ન તેને નફો પહોંચાડે છે; એજ તો મોટી ગુમરાહી છે !

يَدۡعُوۡا لَمَنۡ ضَرُّهٗۤ اَقۡرَبُ مِنۡ نَّفۡعِهٖ‌ؕ لَبِئۡسَ الۡمَوۡلٰى وَلَبِئۡسَ الۡعَشِيۡرُ‏ ﴿۱۳﴾

(૧૩) (બલ્કે) તે તો એવાને પોકારે છે કે જેની હાનિ લાભના પ્રમાણમાં વધુ નઝદીક છે; (અરે!) એવો મદદગાર પણ બૂરો અને એવો મિત્ર પણ બૂરો!

اِنَّ اللّٰهَ يُدۡخِلُ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ جَنّٰتٍ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ‌ ؕ اِنَّ اللّٰهَ يَفۡعَلُ مَا يُرِيۡدُ‏ ﴿۱۴﴾

(૧૪) બેશક અલ્લાહ તે લોકોને કે જેઓ ઇમાન લાવ્યા અને સત્કાર્યો કર્યા જન્નતોમાં દાખલ કરશે જેની હેઠળ નદીઓ વહે છે; બેશક અલ્લાહ જે ચાહે છે કરે છે.

مَنْ كَانَ يَظُنُّ اَنْ لَّنْ يَّنْصُرَهُ اللّٰهُ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ فَلْيَمْدُدْ
بِسَبَبٍ اِلَى السَّمَآءِ ثُمَّ لْيَقْطَعْ فَلْيَنْظُرْ هَلْ يُذْهِبَنَّ كَيْدُهٗ مَا
يَغِيْظُ ﴿۱۵﴾

(૧૫) જે શખ્સને (ક્રોધના આવેશમાં) એવું ગુમાન થઇ ગયું હોય કે અલ્લાહ તેની દુનિયા તથા આખેરતમાં હરગિજ મદદ નહિ કરે તો તેને જોઇએ કે આકાશ તરફ એક દોરડું તાણી લાવે પછી તે (ગળામાં નાખી તે દોરડું) કાપી નાખે, પછી જુએ કે તેની આ યુક્તિ ક્રોધિત કરનાર વસ્તુને દફે કરે છે કે નહિ.

وَكَذٰلِكَ اَنْزَلْنٰهُ اٰيٰتٍۭ بَيِّنٰتٍ ۙ وَّاَنَّ اللّٰهَ يَهْدِيْ مَنْ يُّرِيْدُ ﴿۱۶﴾

(૧૬) અને આવી રીતે અમોએ તે (કુરઆન)ને ખુલ્લી આયતો કરીને ઉતાર્યું છે અને અલ્લાહ જેની ચાહે છે રાહબરી કરે છે.

إِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَالَّذِيْنَ هَادُوْا وَالصّٰبِـِٕيْنَ وَالنَّصٰرٰى
وَالْمَجُوْسَ وَالَّذِيْنَ اَشْرَكُوْٓا ۖ إِنَّ اللّٰهَ يَفْصِلُ بَيْنَهُمْ يَوْمَ
الْقِيٰمَةِ ؕ إِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىْءٍ شَهِيْدٌ ﴿١٧﴾

(૧૭) બેશક જે લોકો ઇમાન લાવ્યા અને યહૂદી તથા સિતારા પરસ્ત તથા ખ્રિસ્તી તથા આતિશ

પરસ્ત તથા મુશરીકો, આ સઘળાઓની વચ્ચે અલ્લાહ કયામતના દિવસે અવશ્ય (યોગ્ય) ફેંસલો કરશે; બેશક અલ્લાહ દરેક વસ્તુ જુએ છે.

اَلَمۡ تَرَ اَنَّ اللّٰهَ يَسۡجُدُ لَهٗ مَنۡ فِى السَّمٰوٰتِ وَمَنۡ فِى الۡاَرۡضِ وَالشَّمۡسُ وَالۡقَمَرُ وَالنُّجُوۡمُ وَالۡجِبَالُ وَالشَّجَرُ وَالدَّوَآبُّ وَكَثِيۡرٌ مِّنَ النَّاسِ‌ؕ وَكَثِيۡرٌ حَقَّ عَلَيۡهِ الۡعَذَابُ‌ؕ وَمَنۡ يُّهِنِ اللّٰهُ فَمَا لَهٗ مِنۡ مُّكۡرِمٍ‌ؕ اِنَّ اللّٰهَ يَفۡعَلُ مَا يَشَآءُ ۩﴿۱۸﴾ السجدة

(૧૮) શું તેં આ(બનાવ)માં વિચાર નથી કર્યો કે જે આસમાન તથા જમીનમાં છે અને સૂરજ તથા ચંદ્ર તથા તારા અને પર્વત તથા વૃક્ષ અને પ્રાણીઓ તથા માણસો માંના ઘણાં ખરા અલ્લાહને જ

સિજદો કરે છે; અને ઘણાં ખરા અઝાબને પાત્ર બની જાય છે; અને જેને અલ્લાહ ઝલીલ કરે તેને ઇઝઝત આપનાર કોઇ થઇ શકતું નથી; બેશક અલ્લાહ જે ચાહે છે કરે છે.

هٰذٰنِ خَصۡمٰنِ اخۡتَصَمُوۡا فِىۡ رَبِّهِمۡ‌ ۚ فَالَّذِيۡنَ كَفَرُوۡا قُطِّعَتۡ
لَهُمۡ ثِيَابٌ مِّنۡ نَّارٍ ؕ يُصَبُّ مِنۡ فَوۡقِ رُءُوۡسِهِمُ الۡحَمِيۡمُ ۚ‏ ﴿۱۹﴾

(૧૯) આ બન્ને પક્ષો એકબીજાના દુશ્મન છે, જે પોતાના પરવરદિગારના સંબંધમાં ઝઘડે છે; પછી જેઓ ઇમાન નથી લાવ્યા તેમના માટે આગના કપડાં વેતરવામાં આવ્યા છે; (અને) તેમના માથા પરથી તેના પર ઉકળતું પાણી રેડવામાં આવશે.

يُصۡهَرُ بِهٖ مَا فِىۡ بُطُوۡنِهِمۡ وَالۡجُلُوۡدُ ؕ﴿۲۰﴾

(૨૦) જેથી તેમના પેટમાં જે કાંઇ હશે તે તથા તેમની ચામડીઓ પીગળી જશે.

وَلَهُمۡ مَّقَامِعُ مِنۡ حَدِيۡدٍ‏ ﴿۲۱﴾

(૨૧) અને તેમને (મારવા) માટે લોખંડી ગદાઓ છે.

كُلَّمَاۤ اَرَادُوۡۤا اَنۡ يَّخۡرُجُوۡا مِنۡهَا مِنۡ غَمٍّ اُعِيۡدُوۡا فِيۡهَا ۗ وَذُوۡقُوۡا عَذَابَ الۡحَرِيۡقِ ﴿۲۲﴾

(૨૨) જ્યારે જ્યારે પણ તેઓ (દુઃખના કારણે) તેમાંથી નીકળવાનો ઇરાદો કરશે તો તેમાંજ પાછા

હડસેલી દેવામાં આવશે, અને (તેમને કહેવામાં આવશે કે) બળવાના અઝાબની મજા ચાખો.

اِنَّ اللّٰهَ يُدۡخِلُ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ جَنّٰتٍ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ يُحَلَّوۡنَ فِيۡهَا مِنۡ اَسَاوِرَ مِنۡ ذَهَبٍ وَّلُـؤۡلُـؤًا ؕ وَلِبَاسُهُمۡ فِيۡهَا حَرِيۡرٌ‏ ﴿۲۳﴾

(૨૩) નિસંશય અલ્લાહ તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા અને સત્કાર્યો કર્યાં તેમને જન્નતોમાં દાખલ કરશે જેની હેઠળ નદીઓ વહેતી હશે; તેમાં તેમને સુવર્ણ-કંકણ તથા મોતી (ની માળાઓ) પહેરાવવામાં આવશે, અને તેમાં તેમનો પોશાક રેશમનો હશે.

وَهُدُوٓا اِلَى الطَّيِّبِ مِنَ الْقَوْلِ ۚۖ وَهُدُوٓا اِلٰى صِرَاطِ الْحَمِيْدِ ﴿٢٤﴾

(૨૪) (તેનું) કારણ એ છે કે તેમને (દુનિયામાં) પવિત્ર કલ્માની હિદાયત મળી હતી અને વખાણને પાત્ર (અલ્લાહ)ના માર્ગની પણ હિદાયત મળી હતી.

اِنَّ الَّذِيْنَ كَفَرُوْا وَيَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ وَالْمَسْجِدِ
الْحَرَامِ الَّذِىْ جَعَلْنٰهُ لِلنَّاسِ سَوَآءَ ۨ الْعَاكِفُ فِيْهِ وَالْبَادِ ؕ
وَمَنْ يُّرِدْ فِيْهِ بِاِلْحَادٍۢ بِظُلْمٍ نُّذِقْهُ مِنْ عَذَابٍ اَلِيْمٍ ﴿٢٥﴾

(૨૫) બેશક જે ઇમાન નથી લાવ્યા તથા લોકોને રાહે અલ્લાહથી તથા તે મસ્જિદુલ હરામ(માં જવા)થી અટકાવે છે કે જેમાં અમોએ સર્વે લોકોનો

સમાન હક રાખ્યો છે-પછી તે ત્યાંનો રહેનારો હોય કે બહારનો આવનારો હોય તો પણ-અને જે કોઇ જોર ઝુલમથી તેમાં સત્ય વિરૂદ્ધ વર્તવા ઇચ્છશે તો તેને દુ:ખદાયક અઝાબની મજા ચખાડીશું.

وَإِذْ بَوَّأْنَا لِإِبْرَاهِيمَ مَكَانَ الْبَيْتِ أَن لَّا تُشْرِكْ بِي شَيْئًا
وَطَهِّرْ بَيْتِيَ لِلطَّائِفِينَ وَالْقَائِمِينَ وَالرُّكَّعِ السُّجُودِ ﴿٢٦﴾

(૨૬) અને (તે સમયને યાદ કર) જ્યારે અમોએ ઇબ્રાહીમને બયતુલ્લાહમાં એવા હેતુસર સ્થાન આપ્યું (અને કહ્યું) કે કોઇને મારો શરીક કર નહિ, અને મારા ઘરને તવાફ (પ્રદક્ષિણા) કરનારાઓ માટે તથા કયામ કરનારાઓ માટે તથા રૂકુઅ અને સિજદો કરનારાઓ માટે પાક સાફ રાખ.

وَاَذِّنۡ فِى النَّاسِ بِالۡحَجِّ يَاۡتُوۡكَ رِجَالًا وَّعَلٰى كُلِّ ضَامِرٍ يَّاۡتِيۡنَ
مِنۡ كُلِّ فَجٍّ عَمِيۡقٍ ۙ‏ ﴿۲۷﴾

(૨૭) અને લોકોને હજ્જ માટે અવાજ આપ, (કે જેથી) તેઓ તારી પાસે ચાલીને તેમજ સઘળા દૂર દૂરના માર્ગોથી દુબળા દુબળા ઊંટો પર સવાર થઇને પણ આવે;

لِّيَشۡهَدُوۡا مَنَافِعَ لَهُمۡ وَيَذۡكُرُوا اسۡمَ اللّٰهِ فِىۡۤ اَيَّامٍ مَّعۡلُوۡمٰتٍ
عَلٰى مَا رَزَقَهُمۡ مِّنۡۢ بَهِيۡمَةِ الۡاَنۡعَامِ ۚ فَكُلُوۡا مِنۡهَا وَاَطۡعِمُوا
الۡبَآئِسَ الۡفَقِيۡرَ ۗ‏ ﴿۲۸﴾

(૨૮) કે જેથી તેઓ પોતાના (દીની તથા દુન્યવી) લાભ મેળવવા હાજર થાય, અને જાણીતા

દિવસોમાં જે પશુઓ તેમને તે (અલ્લાહે) આપ્યા છે (તેમની અલ્લાહનું નામ લઇ કુરબાની કરે); પછી તેમાંથી તમે પોતે ખાઓ અને સંકટગ્રસ્ત મોહતાજોને પણ ખવડાવો.

ثُمَّ لْيَقْضُوْا تَفَثَهُمْ وَلْيُوْفُوْا نُذُوْرَهُمْ وَلْيَطَّوَّفُوْا بِالْبَيْتِ الْعَتِيْقِ ﴿٢٩﴾

(૨૯) પછી આ જરૂરી છે કે તેઓ પોતાની નાપાકીઓ દૂર કરે (માથાનાં વાળ વિગેરે મૂંડાવી નાખે) અને પોતાની માનતાઓ પૂરી કરે અને (અલ્લાહના) પ્રાચીન ઘરની પ્રદક્ષિણા પણ કરે.

ذٰلِكَ ۗ وَمَنْ يُّعَظِّمْ حُرُمٰتِ اللّٰهِ فَهُوَخَيْرٌ لَّهٗ عِنْدَ رَبِّهٖ ؕ
وَاُحِلَّتْ لَكُمُ الْاَنْعَامُ اِلَّا مَا يُتْلٰى عَلَيْكُمْ فَاجْتَنِبُوا
الرِّجْسَ مِنَ الْاَوْثَانِ وَاجْتَنِبُوْا قَوْلَ الزُّوْرِ ۙ﴿۳۰﴾

(30) આ (હુકમ) છે, અને હવે જે શખ્સ અલ્લાહની હુરમતવાળી વસ્તુઓ (ને લગતી આજ્ઞાઓ)ને માન આપશે તો તે તેના માટે તેના પરવરદિગારની પાસે બહેતર છે; અને તમારા માટે ચોપગાં પશુઓ હલાલ કરવામાં આવ્યાં છે, સિવાય કે જેમનું વર્ણન તમને (આ પછી) સંભળાવવામાં આવશે, માટે હવે તમે બૂતોની નજાસતથી બચો અને જૂઠા બોલ બોલતાં અટકો.

حُنَفَآءَ لِلّٰهِ غَيۡرَ مُشۡرِكِيۡنَ بِهٖ ؕ وَمَنۡ يُّشۡرِكۡ بِاللّٰهِ فَكَاَنَّمَا خَرَّ
مِنَ السَّمَآءِ فَتَخۡطَفُهُ الطَّيۡرُ اَوۡ تَهۡوِىۡ بِهِ الرِّيۡحُ فِىۡ مَكَانٍ
سَحِيۡقٍ ﴿۳۱﴾

(3૧) માત્ર એકજ અલ્લાહને માનનારા થઇ જાઓ, કોઇને પણ તેનો શરીક બનાવો નહિ; અને જે શખ્સ કોઇને અલ્લાહનો શરીક કરે છે તો તે એવો છે કે જાણે તે આસમાન પરથી પડી ગયો હોય, પછી તેને પક્ષીઓ ઝડપી લઇ ગયા હોય, અથવા વાયુએ તેને ઉડાડી દઇ કોઇ દૂરની જગ્યાએ ફેંકી દીધો હોય.

ذٰلِكَ وَمَنۡ يُّعَظِّمۡ شَعَآٮِٕرَ اللّٰهِ فَاِنَّهَا مِنۡ تَقۡوَى الۡقُلُوۡبِ ﴿۳۲﴾

(૩૨) આ (હકીકત) છે, અને (હવે) જે શખ્સ અલ્લાહની નિશાનીઓને માન આપશે તો નિસંશય તે કાર્ય અંતઃકરણની પરહેઝગારી માંનું ગણાશે.

لَكُمْ فِيْهَا مَنَافِعُ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى ثُمَّ مَحِلُّهَآ اِلَى الْبَيْتِ الْعَتِيْقِ۟ ﴿٣٣﴾

(33) તમારા માટે એક નિશ્ચિત સમય સુધી તે (કુરબાનીના જાનવરો)માં ફાયદાઓ છે પછી એજ પ્રાચીન ઘરની પાસે તેમના હલાલ થવાનું સ્થાન છે.

وَلِكُلِّ اُمَّةٍ جَعَلْنَا مَنْسَكًا لِّيَذْكُرُوا اسْمَ اللّٰهِ عَلٰى مَا رَزَقَهُمْ
مِّنْۢ بَهِيْمَةِ الْاَنْعَامِ ؕ فَاِلٰـهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ فَلَهٗۤ اَسْلِمُوْا ؕ وَبَشِّرِ
الْمُخْبِتِيْنَ ۟ۙ ٣٤

(૩૪) અને પ્રત્યેક ઉમ્મત માટે અમોએ એક એક કુરબાનીની રીત નક્કી કરી છે, કે જે પશુઓ અમોએ તેમને રોઝી તરીકે આપ્યા છે તેમના ઉપર અલ્લાહનું નામ લઇ ઝબ્હ કરે; બસ તમારો માઅબૂદ એકજ માઅબૂદ છે, માટે તમે તેને જ આધીન થઇ જાઓ; અને (અય રસૂલ !) તે નમ્ર (સેવકો)ને ખુશખબર સંભળાવી દે :

الَّذِيۡنَ اِذَا ذُكِرَ اللّٰهُ وَجِلَتۡ قُلُوۡبُهُمۡ وَالصّٰبِرِيۡنَ عَلٰى مَاۤ
اَصَابَهُمۡ وَالۡمُقِيۡمِى الصَّلٰوةِ ۙ وَمِمَّا رَزَقۡنٰهُمۡ يُنۡفِقُوۡنَ ۝٣٥

(૩૫) કે જેમની સામે જ્યારે અલ્લાહનું વર્ણન કરવામાં આવે છે ત્યારે તેમના મન ભયગ્રસ્ત થઇ જાય છે, અને જે દુઃખ તેમના પર પડે છે તેના પર સબ્ર કરનારા હોય છે, અને નમાઝને (નિયમિત) અદા કરનારા હોય છે. અને અમોએ તેમને જે કાંઇ રોઝી માટે આપ્યું છે તેમાંથી (રાહે અલ્લાહમાં) ખર્ચ કરે છે.

وَالۡبُدۡنَ جَعَلۡنٰهَا لَـكُمۡ مِّنۡ شَعَآٮِٕرِ اللّٰهِ لَـكُمۡ فِيۡهَا خَيۡرٌ ۖ
فَاذۡكُرُوا اسۡمَ اللّٰهِ عَلَيۡهَا صَوَآفَّ ۚ فَاِذَا وَجَبَتۡ جُنُوۡبُهَا

فَكُلُوا مِنْهَا وَأَطْعِمُوا الْقَانِعَ وَالْمُعْتَرَّ ۚ كَذَٰلِكَ سَخَّرْنَاهَا لَكُمْ
لَعَلَّكُمْ تَشْكُرُونَ ﴿٣٦﴾

(૩૬) અને (કુરબાની માટેના) મોટાં તાજા ઊંટો પણ અમોએ તમારા માટે અલ્લાહની નિશાનીઓ માંના બનાવ્યા છે; તેમાં તમારા માટે (દીની દુન્યવી બન્ને પ્રકારના) લાભ છે; જેથી તેમને (ઝબ્હ કરતી વખતે) હારબંધ ઉભા કરી અલ્લાહનું નામ લઇ લો, પછી જ્યારે તેઓ પોતાના પડખા ભેર પડી જાય તો તમે પોતે તેમાંથી ખાઓ તથા સંતોષી (જાહેરમાં કે મોઢેથી નહિ માંગનારા) મિસ્કીનો તથા ભીખ માંગનારા ફકીરોને પણ ખવડાવો; આવી રીતે અમોએ તે (પ્રાણી)ઓ

તમારા આધીન કરી દીધા છે કે જેથી તમે આભાર માનતા રહો.

لَنْ يَّنَالَ اللّٰهَ لُحُوْمُهَا وَلَا دِمَآؤُهَا وَلٰكِنْ يَّنَالُهُ التَّقْوٰى مِنْكُمْ ؕ كَذٰلِكَ سَخَّرَهَا لَكُمْ لِتُكَبِّرُوا اللّٰهَ عَلٰى مَا هَدٰىكُمْ ؕ وَبَشِّرِ الْمُحْسِنِيْنَ ۝٣٧

(૩૭) અલ્લાહને ન કદી તેમનું ગોશ્ત પહોંચે છે અને ન તેમના લોહી, બલ્કે તેને તો તમારી પરહેઝગારી જ પહોંચશે; એવી રીતે તેણે તેમને તમારા આધીન કરી દીધા છે કે જેથી તે હિદાયત ઉપર (રહીને) કે જે તેણે તમને કરી છે અલ્લાહની

મોટાઇ વર્ણવતા રહો; અને (અય રસૂલ !) તું નેકી કરનારાઓને ખુશખબર સંભળાવી દે.

إِنَّ اللَّهَ يُدَافِعُ عَنِ الَّذِينَ آمَنُوا ۗ إِنَّ اللَّهَ لَا يُحِبُّ كُلَّ خَوَّانٍ
كَفُورٍ ﴿٣٨﴾

(૩૮) નિસંશય અલ્લાહ તે લોકોથી કે જેઓ ઇમાન લાવ્યા છે (મુશરીકો તરફના દુઃખોને) દૂર કરી દેશે; બેશક અલ્લાહ વિશ્વાસઘાતિ અને નગુણાઓને દોસ્ત નથી રાખતો.

أُذِنَ لِلَّذِينَ يُقَاتَلُونَ بِأَنَّهُمْ ظُلِمُوا ۚ وَإِنَّ اللَّهَ عَلَىٰ نَصْرِهِمْ
لَقَدِيرٌ ﴿٣٩﴾

(૩૯) તે લોકોને-કે જેમનાથી લડાઇ કરવામાં આવે છે-એ માટે (જેહાદની) રજા આપવામાં આવી છે કે તેમના પર ઝુલ્મ કરવામાં આવ્યો છે; અને બેશક અલ્લાહ તેમને મદદ કરવાને સંપૂર્ણ શક્તિવાન છે.

الَّذِيْنَ اُخْرِجُوْا مِنْ دِيَارِهِمْ بِغَيْرِ حَقٍّ اِلَّآ اَنْ يَّقُوْلُوْا رَبُّنَا
اللّٰهُ ؕ وَلَوْلَا دَفْعُ اللّٰهِ النَّاسَ بَعْضَهُمْ بِبَعْضٍ لَّهُدِّمَتْ
صَوَامِعُ وَبِيَعٌ وَّصَلَوٰتٌ وَّمَسٰجِدُ يُذْكَرُ فِيْهَا اسْمُ اللّٰهِ كَثِيْرًا ؕ
وَلَيَنْصُرَنَّ اللّٰهُ مَنْ يَّنْصُرُهٗ ؕ اِنَّ اللّٰهَ لَقَوِىٌّ عَزِيْزٌ ۝٤٠

(૪૦) (તેમને કે) જેઓ સ્વદેશમાંથી વિના કારણે-આટલી વાત કહેવાના કારણે કે અમારો

પરવરદિગાર અલ્લાહ છે-કાઢી મૂકવામાં આવ્યા છે; અને જો અલ્લાહ એકના હાથે બીજાને દફે કરતો ન રહેતે તો (સઘળા) મઠો અને ગિરજાઓ તથા કનયસા (યહૂદીઓના પ્રાર્થના ગૃહ) તથા મસ્જિદો કે જેમાં અલ્લાહનું નામ ઘણું લેવામાં આવે છે તે સઘળા જરૂર તોડી પાડી નાખવામાં આવ્યા હોત; અને અલ્લાહ તેની મદદ જરૂર કરશે જે તે (અલ્લાહ)ની મદદ કરે છે; બેશક અલ્લાહ શક્તિમાન (અને) ઝબરદસ્ત છે.

ٱلَّذِينَ إِن مَّكَّنَّٰهُمۡ فِي ٱلۡأَرۡضِ أَقَامُواْ ٱلصَّلَوٰةَ وَءَاتَوُاْ ٱلزَّكَوٰةَ
وَأَمَرُواْ بِٱلۡمَعۡرُوفِ وَنَهَوۡاْ عَنِ ٱلۡمُنكَرِۗ وَلِلَّهِ عَٰقِبَةُ
ٱلۡأُمُورِ ﴿٤١﴾

(૪૧) તેઓ એવા લોકો છે કે જો તેમને અમે જમીનમાં સત્તા આપીએ તો પણ તેઓ (રીતસર) નમાઝ પઢશે તથા ઝકાત આપશે અને સત્કાર્યોના હુકમ કરશે તથા બદીની મનાઇ કરશે; અને સઘળા કામોનું પરિણામ અલ્લાહના જ અધિકારમાં છે.

وَإِن يُكَذِّبُوكَ فَقَدۡ كَذَّبَتۡ قَبۡلَهُمۡ قَوۡمُ نُوحٖ وَعَادٞ وَثَمُودُ ﴿٤٢﴾

(૪૨) અને (અય રસૂલ!) અગર આ લોકો તને જૂઠલાવે તો (કોઇ આશ્ચર્ય જેવું નથી કેમકે) તેમની

પહેલાં નૂહની કોમ અને આદ તથા સમૂદની કોમ પણ (પોતાના રસૂલોને) જૂઠલાવી ચૂકી છે :

وَقَوْمُ اِبْرٰهِيْمَ وَقَوْمُ لُوْطٍ ﴿٤٣﴾

(૪૩) અને ઇબ્રાહીમની કોમ તથા લૂતની કોમ પણઃ

وَّاَصْحٰبُ مَدْيَنَ ۚ وَكُذِّبَ مُوْسٰى فَاَمْلَيْتُ لِلْكٰفِرِيْنَ ثُمَّ اَخَذْتُهُمْ ۚ فَكَيْفَ كَانَ نَكِيْرِ ﴿٤٤﴾

(૪૪) અને મદયનવાળાઓએ પણ (પોતાના પયગમ્બરોને જૂઠલાવ્યા હતા), અને મૂસાને પણ જૂઠલાવવામાં આવ્યા હતા, પછી અમોએ ઇમાન નહિ લાવનારાઓને મોહલત આપી, પછી મેં તેમને

(અઝાબમાં) પકડ્યા, ત્યારે મારો કોપ કેવો (સખત) હતો!

فَكَاَيِّنۡ مِّنۡ قَرۡيَةٍ اَهۡلَكۡنٰهَا وَهِىَ ظَالِمَةٌ فَهِىَ خَاوِيَةٌ عَلٰى عُرُوۡشِهَا وَبِئۡرٍ مُّعَطَّلَةٍ وَّقَصۡرٍ مَّشِيۡدٍ ﴿٤٥﴾

(૪૫) પછી ઘણીએ વસ્તીઓ એવી હતી કે જેમનો અમોએ તેમની નાફરમાનીની સ્થિતિમાં નાશ કરી નાખ્યો, જેથી તે પોતાનાં છાપરાંઓ પર ઊંધી પડેલી છે, અને ઘણાંય કૂવા બેકાર પડ્યા છે અને મજબૂત મહેલો (પણ નાશ પામ્યા છે).

اَفَلَمۡ يَسِيۡرُوۡا فِى الۡاَرۡضِ فَتَكُوۡنَ لَهُمۡ قُلُوۡبٌ يَّعۡقِلُوۡنَ بِهَاۤ اَوۡ

اٰذَانٌ يَّسۡمَعُوۡنَ بِهَا‌ ۚ فَاِنَّهَا لَا تَعۡمَى الۡاَبۡصَارُ وَلٰـكِنۡ تَعۡمَى

الۡقُلُوۡبُ الَّتِىۡ فِى الصُّدُوۡرِ ﴿۴۶﴾

(૪૬) શું તેઓ ભૂમિ પર ચાલ્યા ફર્યા નથી, (કે જેથી તે જોઇને) તેમના મન એવા થઇ જાય કે જેનાથી તેઓ સમજે અથવા તેમના માટે એવા કાન થઇ જાય કે જે વડે સાંભળી શકે? એ માટે કે (માત્ર) આંખોજ આંધળી હોતી નથી, બલ્કે હૈયાં કે જે છાતીની અંદર છે તે પણ આંધળા બની જાય છે.

وَيَسۡتَعۡجِلُوۡنَكَ بِالۡعَذَابِ وَلَنۡ يُّخۡلِفَ اللّٰهُ وَعۡدَهٗ ‌ؕ وَاِنَّ يَوۡمًا
عِنۡدَ رَبِّكَ كَاَلۡفِ سَنَةٍ مِّمَّا تَعُدُّوۡنَ ﴿۴۷﴾

(૪૭) અને (અય રસૂલ !) તેઓ તારાથી અઝાબના સંબંધમાં ઉતાવળ કરે છે, જો કે અલ્લાહ કદી પણ પોતાના વાયદાનો ભંગ કરતો નથી; અને ખરેખરજ તારા પરવરદિગાર પાસેનો એક દિવસ તેમની ગણતરી પ્રમાણે એક હજાર વર્ષની બરાબર છે.

وَكَاَيِّنۡ مِّنۡ قَرۡيَةٍ اَمۡلَيۡتُ لَهَا وَهِىَ ظَالِمَةٌ ثُمَّ اَخَذۡتُهَا‌ ۚ وَاِلَىَّ
الۡمَصِيۡرُ ﴿۴۸﴾

(૪૮) અને કેટલીએ વસ્તીઓને મેં મોહલત આપી હતી એવી સ્થિતિમાં કે તે ઝુલ્મગાર હતી મેં તેમને (અઝાબમાં) પકડ્યા, અને છેવટનું પાછું ફરવું મારી તરફ છે.

قُلْ يَاَيُّهَا النَّاسُ اِنَّمَآ اَنَا لَكُمْ نَذِيْرٌ مُّبِيْنٌ ﴿٤٩﴾

(૪૯) તું કહે કે અય લોકો ! સિવાય તેના નથી કે હું તમો સર્વે માટે એક ખુલ્લો ડરાવનારો છું.

فَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمْ مَّغْفِرَةٌ وَّرِزْقٌ كَرِيْمٌ ﴿٥٠﴾

(૫૦) માટે જે લોકો ઇમાન લાવ્યા અને જેમણે સત્કાર્યો કર્યા તેમના માટે ગુનાહોની માફી તથા ઇઝઝતની રોઝી છે.

وَالَّذِيْنَ سَعَوْا فِيْٓ اٰيٰتِنَا مُعٰجِزِيْنَ اُولٰٓىِٕكَ اَصْحٰبُ الْجَحِيْمِ ﴿٥١﴾

(૫૧) અને જે લોકો અમારી આયતોના સંબંધમાં (અમને) લાચાર બનાવી દેવાની આશાએ પ્રયત્નો કરે છે તેઓજ દોઝખી છે.

وَمَآ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ مِنْ رَّسُوْلٍ وَّلَا نَبِيٍّ اِلَّآ اِذَا تَمَنّٰٓى اَلْقَى
الشَّيْطٰنُ فِيْٓ اُمْنِيَّتِهٖ ۚ فَيَنْسَخُ اللّٰهُ مَا يُلْقِى الشَّيْطٰنُ ثُمَّ
يُحْكِمُ اللّٰهُ اٰيٰتِهٖ ۗ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿٥٢﴾

(૫૨) અને અમોએ તારી અગાઉ કોઇ રસૂલ કે નબી (એવો) નથી મોકલ્યો, પણ આ કે તેણે (ઇસ્લામના પ્રચારની) કોઇ ઇચ્છા કરી (કે તરતજ) શેતાને તેની ઇચ્છામાં (કાંઇને કાંઇ વસવસો) નાખ્યો, પછી શેતાન જે (વસવસો) નાખે છે તેને અલ્લાહ નષ્ટ કરી નાખે છે, પછી અલ્લાહ પોતાની આયતોને મજબૂત કરી દે છે; અને અલ્લાહ જાણનાર (તથા) હિકમતવાળો છે:

لِّيَجْعَلَ مَا يُلْقِي الشَّيْطٰنُ فِتْنَةً لِّلَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ
وَّالْقَاسِيَةِ قُلُوْبُهُمْ ؕ وَاِنَّ الظّٰلِمِيْنَ لَفِيْ شِقَاقٍۭ بَعِيْدٍ ۝٥٣

(૫૩) કે જેથી શેતાને જે (વસવસો) નાખ્યો છે તેને તે લોકો માટે અજમાયશ ઠરાવે કે જેમનાં

અંતઃકરણોમાં રોગ છે, અને તેમના માટે કે જેઓ પથ્થર દિલ છે; અને બેશક ઝાલિમો સખ્ત વિરૂદ્ધતામાં પડ્યા છેઃ

وَّلِيَعۡلَمَ الَّذِيۡنَ اُوۡتُوا الۡعِلۡمَ اَنَّهُ الۡحَقُّ مِنۡ رَّبِّكَ فَيُؤۡمِنُوۡا بِهٖ فَتُخۡبِتَ لَهٗ قُلُوۡبُهُمۡ‌ ؕ وَاِنَّ اللّٰهَ لَهَادِ الَّذِيۡنَ اٰمَنُوۡۤا اِلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ ۝٥٤

(૫૪) અને એક હેતુ એ પણ હતો કે તે લોકો કે જેમને (આસમાની કિતાબોનું) જ્ઞાન આપવામાં આવ્યું છે તેઓ જાણી લે કે તે (કુરઆન) તારા પરવરદિગાર તરફથી સત્ય છે, પછી તેઓ તેના પર ઇમાન લાવે, પછી તેમના અંતઃકરણ તે

(અલ્લાહ) માટે નરમ થઇ જાય; અને બેશક અલ્લાહ તે લોકોને કે જેઓ ઇમાન લાવ્યા છે સીધા માર્ગે પહોંચાડી દેનારો છે.

وَلَا يَزَالُ الَّذِيْنَ كَفَرُوْا فِيْ مِرْيَةٍ مِّنْهُ حَتّٰى تَأْتِيَهُمُ السَّاعَةُ
بَغْتَةً اَوْ يَأْتِيَهُمْ عَذَابُ يَوْمٍ عَقِيْمٍ ﴿٥٥﴾

(૫૫) અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેઓ તો તે (કુરઆન)ના તરફથી બરાબર શંકામાં પડ્યા રહેશે, અહીં સુધી કે (કયામતની) ઘડી તેમના પર ઓચિંતી આવી પડે અથવા નાશકારક દિવસનો અઝાબ તેમના પર આવી પડે.

اَلۡمُلۡكُ يَوۡمَئِذٍ لِّلّٰهِ ؕ يَحۡكُمُ بَيۡنَهُمۡ ؕ فَالَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا

الصّٰلِحٰتِ فِىۡ جَنّٰتِ النَّعِيۡمِ ۝٥٦

(૫૬) તે દિવસે હુકૂમત અલ્લાહની જ હશે; તે તેમની વચ્ચે (પરસ્પરના વિરોધનો) ફેંસલો કરશે; માટે જે લોકો ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તેઓ નેઅમતોવાળી જન્નતોમાં હશે.

وَالَّذِيۡنَ كَفَرُوۡا وَكَذَّبُوۡا بِاٰيٰتِنَا فَاُولٰٓئِكَ لَهُمۡ عَذَابٌ

مُّهِيۡنٌ ۝٥٧

(૫૭) અને જેઓ ઇમાન નથી લાવ્યા અને અમારી નિશાનીઓને જૂઠલાવી, તો એજ લોકો છે કે જેમના માટે હીણપતભર્યો અઝાબ હશે.

وَالَّذِيْنَ هَاجَرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ ثُمَّ قُتِلُوْٓا اَوْ مَاتُوْا
لَيَرْزُقَنَّهُمُ اللّٰهُ رِزْقًا حَسَنًا ؕ وَاِنَّ اللّٰهَ لَهُوَ خَيْرُ الرّٰزِقِيْنَ ﴿۵۸﴾

(૫૮) જે લોકોએ અલ્લાહની રાહમાં હિજરત કરી, પછી કત્લ કરવામાં આવ્યા અથવા મરી ગયા, તો તેમને અલ્લાહ અવશ્ય ઉત્તમ રોઝી અર્પણ કરશે; અને બેશક અલ્લાહ એજ બેહતર રોઝી આપનાર છે.

لَيُدْخِلَنَّهُمْ مُّدْخَلًا يَّرْضَوْنَهٗ ؕ وَاِنَّ اللّٰهَ لَعَلِيْمٌ حَلِيْمٌ ﴿۵۹﴾

(૫૯) તેમને જરૂર એવા સ્થાનોમાં દાખલ કરશે કે જેનાથી તેઓ ખુશ થશે; અને બેશક અલ્લાહ મોટો જાણનારો (અને) સહનશીલ છે.

ذٰلِكَ ۚ وَمَنْ عَاقَبَ بِمِثْلِ مَا عُوْقِبَ بِهٖ ثُمَّ بُغِيَ عَلَيْهِ
لَيَنْصُرَنَّهُ اللّٰهُ ۗ اِنَّ اللّٰهَ لَعَفُوٌّ غَفُوْرٌ ﴿٦٠﴾

(૬૦) એમજ થશે; અને જેને (શત્રુના હાથે) જેટલી ઇજા પહોંચાડવામાં આવી હોય તેટલીજ ઇજા તે શત્રુને પહોંચાડે, તે પછી પણ જો તે (શત્રુ)ના પર વધુ અત્યાચાર કરવામાં આવે તો અલ્લાહ તેની જરૂર મદદ કરશે; બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) ક્ષમાવાન છે.

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ يُوْلِجُ الَّيْلَ فِي النَّهَارِ وَيُوْلِجُ النَّهَارَ فِي الَّيْلِ وَاَنَّ
اللّٰهَ سَمِيْعٌۢ بَصِيْرٌ ﴿٦١﴾

(૬૧) આ એ કારણે કે અલ્લાહ રાત્રિને દિવસમાં દાખલ કરી દે છે અને દિવસને રાત્રિમાં દાખલ કરી દે છે, અને એ કારણે કે અલ્લાહ મોટો સાંભળનારો (તથા) જોનારો છે.

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ هُوَ الْحَقُّ وَاَنَّ مَا يَدْعُوْنَ مِنْ دُوْنِهٖ هُوَ الْبَاطِلُ

وَاَنَّ اللّٰهَ هُوَ الْعَلِيُّ الْكَبِيْرُ ﴿٦٢﴾

(૬૨) વળી એ કારણે કે અલ્લાહ એજ તો સાચો છે, અને અલ્લાહના સિવાય તેઓ જેને જેને પોકારે છે તે જૂઠા છે, અને અલ્લાહ એજ મોટાઇ (તથા) બુઝુર્ગીવાળો છે.

اَلَمۡ تَرَ اَنَّ اللّٰهَ اَنۡزَلَ مِنَ السَّمَآءِ مَآءً ۡ فَتُصۡبِحُ الۡاَرۡضُ
مُخۡضَرَّةً ؕ اِنَّ اللّٰهَ لَطِيۡفٌ خَبِيۡرٌ ۚ﴿۶۳﴾

(૬૩) શું તેં આ નથી નિહાળ્યું કે અલ્લાહ આસમાન પરથી પાણી ઉતારે છે, જેથી ભૂમિ ઓચિંતી લીલીછમ થઇ જાય છે? બેશક અલ્લાહ મોટો મહેરબાન (અને) વાકેફગાર છે.

لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الۡاَرۡضِ ؕ وَاِنَّ اللّٰهَ لَهُوَ الۡغَنِىُّ
الۡحَمِيۡدُ ۠﴿۶۴﴾

(૬૪) જે કાંઇ આસમાનમાં છે તથા જે કાંઇ ઝમીનમાં છે તે તેનું જ છે; અને બેશક અલ્લાહ એજ બેપરવાહ (અને) વખાણને પાત્ર છે.

اَلَمۡ تَرَ اَنَّ اللّٰهَ سَخَّرَ لَكُمۡ مَّا فِى الۡاَرۡضِ وَالۡفُلۡكَ تَجۡرِىۡ فِى
الۡبَحۡرِ بِاَمۡرِهٖ‌ؕ وَيُمۡسِكُ السَّمَآءَ اَنۡ تَقَعَ عَلَى الۡاَرۡضِ اِلَّا
بِاِذۡنِهٖ‌ؕ اِنَّ اللّٰهَ بِالنَّاسِ لَرَءُوۡفٌ رَّحِيۡمٌ ﴿۶۵﴾

(૬૫) શું તેં આ નથી જોયું કે ઝમીનમાં જે કાંઇ છે તેને અલ્લાહે તમારા આધીન કરી દીધું છે અને વહાણો પણ. જે તેના હુકમથી સમુદ્રમાં તરે છે ? અને તેણે પોતાની પરવાનગી વિના આકાશને ઝમીન પર તૂટી પડતાં અટકાવી રાખ્યું છે; બેશક અલ્લાહ લોકો પર મોટો મહેરબાન (અને) દયાવાન છે.

وَهُوَالَّذِيْٓ اَحْيَاكُمْ ۡ ثُمَّ يُمِيْتُكُمْ ثُمَّ يُحْيِيْكُمْ ۭ اِنَّ
الْاِنْسَانَ لَكَفُوْرٌ ۝٦٦

(૬૬) અને તે એજ છે જેણે તમને સજીવન કર્યા છે, પછી તે તમને મૃત્યુ આપશે, પછી તે તમને પુનઃ સજીવન કરશે; બેશક મનુષ્ય નાશુક્રો છે.

لِكُلِّ اُمَّةٍ جَعَلْنَا مَنْسَكًا هُمْ نَاسِكُوْهُ فَلَا يُنَازِعُنَّكَ فِي
الْاَمْرِ وَادْعُ اِلٰى رَبِّكَ ۭ اِنَّكَ لَعَلٰى هُدًى مُّسْتَقِيْمٍ ۝٦٧

(૬૭) દરેક ઉમ્મત માટે અમોએ (ઇબાદતની) એક રીત (શરીઅત) નક્કી કરી છે કે જેના પર તેઓ ચાલે છે, માટે જોઇએ કે તેઓ તે દીન (ઇસ્લામ)ની બાબતમાં તારી સાથે ઝઘડો ન કરે, અને તું તારા

પરવરદિગાર તરફ (તેમને બોલાવ્યા કર; બેશક તું સત્ય માર્ગ પર છે.

وَاِنْ جٰدَلُوْكَ فَقُلِ اللّٰهُ اَعْلَمُ بِمَا تَعْمَلُوْنَ ﴿٦٨﴾

(૬૮) છતાં પણ જો તેઓ તારી સાથે હઠાગ્રહ કરે તો કહે કે જે કર્મો તમે કરો છો તેનાથી અલ્લાહ સારી રીતે વાકેફ છે.

اَللّٰهُ يَحْكُمُ بَيْنَكُمْ يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ﴿٦٩﴾

(૬૯) કયામતના દિવસે અલ્લાહ તમારી વચ્ચે તે મામલામાં નિર્ણય કરશે કે જેમાં તમે મતભેદ કરો છો.